

# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.




વર્ષ ૫૬, અંક : ૩, તા.૨૧મી માર્ચ, ૨૦૨૬, સંવત – ૨૦૮૨ ચૈત્ર સુદ – ૩, શનિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦






મૂર્તિની સ્મૃતિમાં જીવ્યા કરો,
એના વિના બીજું કાંઈ ન કરો... મૂર્તિની...
રોજ રોજ આપે મૂર્તિ, અંગ પ્રમાણે કરીએ સ્મૃતિ,
સ્મૃતિ સભર રહો, જગથી નીડર રહો,
પ્રાપ્તિ થઈ ગઈ છે ઉમદા,
આવું ફરી નહીં મળવાનું, મૂર્તિમાં અખંડ રહેવાનું...
મૂર્તિની સ્મૃતિમાં...
આજ્ઞા કે અનુવૃત્તિમાં, જીવવું જોઈએ સ્મૃતિમાં,
શ્યામના સ્મરણમાં, સંતના વચનમાં,
મૂર્તિમાં લીન રહીને સદા,
કોઈનું કદી નહીં જોવાનું, કહે એમ કરી લેવાનું...મૂર્તિની



**સ્વામીશ્રીજી ૭/૫/૯૮**

**A** મૂર્તિની સ્મૃતિમાં જીવ્યા કરો. એના વિના બીજુ કંઈ (સાધના માટે) કરશો નહિ.

(૧) તો પોતપોતાના અંગ પ્રમાણે મૂર્તિ સિધ્ધ કરી નાખજો.

(૨) મૂર્તિ તમારુ કામ કરે તેવી રીતે પ્રત્યક્ષ કરજો.

પપ્પાના જય સ્વામિનારાયણ




પ.પૂ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...





ભાવાર્પણ...












મહિમા વંદના...





પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિનની ઉજવણી...





















ભાવાર્પણ અને મહિમા દર્શન...

















# ગુણાતીત જ્યોત

જાણરૂપ થઈ ઘરજાણમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪** સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.

– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'...મારે તો અખંડ ભગવાનનું ચિંતવન કરીને એકાંતિક ભક્ત થવું છે. અને જો કામ, ક્રોધ, લોભાદિક વિકારને વિષે મારી વૃત્તિ જશે તો મારે ભગવાનના ચિંતવનમાં એટલો વિક્ષેપ થશે.' એમ જાણીને કુમાર્ગ થકી અતિશે જ ડરતો રહે અને અધર્મને વિષે કોઈ કાળે પ્રવર્તે જ નહીં. (વચ.ગ.મ.૪)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણ કહેવાય, વાણિયાનો દીકરો વાણિયો કહેવાય, તેમ આપણે પુરુષોત્તમની ઉપાસનાનો દેહ બંધાણો તે અક્ષરરૂપ થયા છીએ, માટે પોતાનું સ્વરૂપ અક્ષર માનવું.

(સ્વામીની વાતુ પ્રક.૫ની ૧૩૬મી વાત)



### દિવ્યામૃત

નિષ્ઠાવાળા એકાંતિકો સાથે તે રાજી થાય તેમ વર્તો. તેમ વર્તતા તમે જેટલો ભોગ આપશો તે પરાભક્તિ થઈ જશે.

(તા.૧.૮.૧૯૫૭)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૫ | શાશ્વત સંકલ્પ પર્વે... | ૧૨ |
| ગુરુહરિ પપ્પાજી મહારાજની પરાવાણી... | ૬ | શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત... | ૧૪ |
| વચનામૃત ગ.અં.૧૧નું નિરૂપણ... | ૭ | પરમની આરાધના... | ૧૫ |
| શ્રી હરિ જયંતીએ... | ૧૧ | સત્સંગ સમાચાર... | ૧૬ થી... |



## પપ્પાજીની પરાવાણી...

આપણે નિરંતર ૨૪ કલાક ગુણાતીતભાવમાં રહેવું છે. એ આપણો આદર્શ છે. આપણે રજ ની રજ થવું છે. પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની ઉપાસના કરવારૂપી ગુણાતીતભાવમાં આપણું આખું તંત્ર રહે. ને તે સમાધિમાં રહ્યા થકા એક નારાયણની જ ભક્તિરૂપ હોય તેવા સંકલ્પ, ભાવ ને ક્રિયાના વિચાર કરી શકાય, ને તેમાં જ આપણી પ્રકૃતિ સત્વગુણ, રજોગુણ, તમોગુણની જરૂરિયાત હોય તેટલી જ ભેળવી શકાય તેવી સામર્થી પ્રાપ્ત કરવાની સાધના કરવા મંડ્યા છીએ.

જોગીમહારાજે કૃપા કરી છે. તેમનો સંકલ્પ હતો કે મહામાનવ બ્રહ્મનિયંત્રિત સમાજની સ્થાપના કરવી. આપણે ગુરુને બે હાથ જોડી કહે એમ કરવાનું વ્રત લીધું છે. એટલે ગુરુ દેહભાવ તોડે ત્યારે ઉપકાર માનવો. નિરંતર એક વાતનો કેફ ને જાણપણું રાખવું કે હું જોગીનો છું, હું ગુણાતીત છું. ને સંબંધમાં આવેલા બધા ચૈતન્યશુદ્ધિના પંથે પડેલા છે. આપણે સુખે સુખે કરવું છે. તેમ નહીં કરીએ તો ખીજે ખીજે પણ કરાવીને જંપશે. માટે આપણે જાગ્રતતા રાખીને સભાનતાપૂર્વક પળેપળ જીવવું છે. અહંકારનું વિલિનીકરણ કરવા આ સત્સંગ કરીએ છીએ.

બાપા કહેતા કે, 'જેની પાસે હોય જોખમ, જાળવવું જતન કરીને...' તો આપણી અક્ષરધામની સમાધિ, નિર્દોષભાવ, દિવ્યભાવ, સંપ, સુહૃદભાવ, એકતા ને બધાંને પ્રગતિ કરતાં ચૈતન્યો માનવારૂપી મૂર્તિ કુસંગ પડાવી ના જાય તે માટે ખાસ શૂરવીરતા રાખી મંડીએ. ટાણું આવે ત્યારે શૂરવીર થવું. પ્રસંગ આવે, હઠ, માન ને ઈર્ષાના સંકલ્પ ઉઠે ત્યારે મનને કહેવાનું કે તારું ધાર્યું નહીં થાય. આપણે ગુરુના દાસાનુદાસ થઈને જીવવું છે. કુસંગ ત્રણ પ્રકારનો છે, દેહનો, સત્સંગનો, ને કારણનો.

દેહનો કુસંગ એટલે મનમુખી, મને ગમે છે, આ મોટામાં મોટો કુસંગ દેહનો છે. હું માન, સ્વાદ, સ્નેહ, લોભ, કામ, અહંકારમાં ભક્તિરૂપ ના લાગે તોય 'એમાં શું ?' કરી જેમ કરતાં હોઈએ તેમ કરે જ રાખીએ તેવું નહીં. ગુરુને પૂછીએ, ગુરુ નિષેધ કરવાની રીત બતાવે તે પ્રમાણે વર્તીએ તો દેહનો કુસંગ ટળી જાય.

સત્સંગનો કુસંગ એટલે – સમકક્ષાના સાથી મિત્રો અંદર-અંદર જે મૂંઝાતા હોય, અકળાતા હોય તેમની મૈત્રી ના રાખતાં જે માહાત્મ્યમાં રહેતા હોય ને આપણાથી વધુ નિર્માની હોય, માહાત્મ્યેયુક્ત સેવા કરતાં હોય તેવાની મૈત્રી રાખીએ તો સત્સંગનો કુસંગ ના લાગે. આપણે સામાના ગુણનો વિચાર કરીશું તો આપણા સ્વભાવ ટળતાં જશે. સ્વામીસ્વરૂપ સંતને વિષે ત્રિકાળમાંય મનુષ્યભાવ નહીં લેવાનો. બહારથી કંઈ બોલીએ નહીં ને અંદરમાં વિચારીએ કે એ આવું કહે છે પણ પોતે તો વર્તતા નથી. આવો મનનો કુસંગ હોય તો આપણા વિકાર કદીય ટળે નહીં. સંતને જેવા માનો તેવા થાવ. ને મોટેરાંને આપણને ગુણાતીતભાવમાં રહેતા કરવાનો સંકલ્પ છે. તો કટિબદ્ધ થઈ, કરેંગે યા મરેંગેની ભાવના રાખી જીવીશું તો માયામાં રહ્યા છતાં છતીંદેહે અક્ષરધામના હેવા પડી જાય ને મહામાનવ બની જવાય.

(તા. ૨૧.૩.૧૯૮૮)

**પ.પૂ.દીદીનો આદેશ...**

**સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... 'વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જવું જ છે...'**




# વચનામૃત ગ.અં.૧૧ : સીતાજીના જેવી સમજણનું...

## ગુરુહરિ પપ્પાજી મહારાજે કરેલું નિરૂપણ...

જોગીમહારાજને કોઈ એમ પૂછે કે મારે એક જ વચનામૃત સિદ્ધ કરવું છે. બસ મને ૨૬૨ વચનામૃતમાંથી સર્વોપરી વચનામૃત આપી દો કે જે લઈ મંડું, તો તમારા જેવું થઈ જાય.

તો જોગીમહારાજ એને કહે, 'વચ.ગ.છે.૧૧.'

આખુંય વચનામૃત મહારાજની વાણી છે. જબરજસ્ત ગ્રંથ છે. એમાંય વચ.ગ.મ.૧૩ વચનામૃત શ્રેષ્ઠ છે એવું ને એવું જ વચ.ગ.છે.૧૧ વચનામૃત જોગીમહારાજની અનુવૃત્તિનું છે.

બહુ સ્પષ્ટપણે મેં બાપાને પૂછેલું કે, 'બાપા ! કયું વચનામૃત સિદ્ધ કરવાનું ?'

બાપા કહે, 'વચ.છે.૧૧'

આ વચનામૃત આપણાં બધાયનાં અંગનું છે. આપણે એ રસ્તે જઈ રહ્યા છીએ. જોગીમહારાજે કલ્યાણ યોજના શરૂ કરી ને બધાનું સંકલ્પથી જતન કરી સેવાઓ કરાવી એ રસ્તે ચડાવી દીધા. એટલે આ વચનામૃત જોઈ લેજો. અને એવાં લક્ષણ હોય તો જાણવું કે વચ.ગ.છે. ૧૧ સિદ્ધ થયું છે.

અત્યાર સુધી લોકોને એવી માન્યતા હતી કે, સમાધિમાં જાય એ બહુ મોટી વાત. એના કરતાંય રાત્રે સ્વપ્નમાં આવીને કહી જાય તો તો વળી ટેસ આવી જાય હાં... એના એ ભગવાન મોઢે કહે તો એ બહુ સ્વીકારાય નહીં, એટલે સમાધિ એ મોહ કહું છું. કારણ આપણું જો શુદ્ધિકરણ ટોપ (Top) ના થયું હોય તો અશુદ્ધ ભાગો આ જોઈએ, આ જોઈએ એમ સમાધિમાં માગ્યા કરે. એટલે મહારાજે કહી દીધું કે પહેલા અષ્ટાંગયોગ સાધો. અષ્ટઅંગે કરીને વૃત્તિને એકમાં લય કરો ને ભગવાનમાં લગાડો. એવો અષ્ટાંગયોગ ગોપાળાનંદસ્વામીએ સાધેલો.

આપણે અષ્ટાંગયોગ સાધ્યો નથી પણ કોઈ ને કોઈ ઉપાયે એણે એનામાં ચિત્તની વૃત્તિનો નિરોધ કરાવી દીધો. એટલે ચિત્તની વૃત્તિના નિરોધે બધીય vitality જે ભૂખો હતી એ નરમ પડી ગઈ. ને અષ્ટાંગયોગ વગર સાધ્યે સધાઈ ગયો. એ આખી જ્ઞાને કરીને સ્થિતિ. ઘણા જોગીબાપાને પૂછે, 'સમાધિમાં દેખવું વધારે ? કે જ્ઞાને કરીને જાણવું વધારે ?' બાપા કહે, 'જ્ઞાનસમાધિ ઉત્તમ.' જોગીમહારાજે આવીને આખો રસ્તો જ બદલી કાઢ્યો. ચિત્તની સમાધિ જેને થતી હતી એનીય લઈ લીધી. અને જ્ઞાનસમાધિ પર કામ લીધું. એ અઘરી વસ્તુ છે. દેહથી છૂટા પડી બ્રહ્મમાં અખંડ રહેવાનું એ નિર્વિકલ્પ સમાધિ. ને આખું તંત્ર પ્રત્યક્ષ ધામ, ધામી ને મુક્તોના નિર્દોષભાવ ને દિવ્યભાવે સહિત વર્તતું થઈ જાય એને જ્ઞાનસમાધિ કહી.

એવી જ્ઞાનસમાધિએયુક્ત જીવનમુક્તો સમાજમાં

વિચરતા થઈ જાય, આખો સમાજ અક્ષરધામની સમાધિમાં, ચિદાકાશમાં રહેતો થઈ જાય એની આ રીત બતાવી દીધી.

યોગીબાપાના અનન્ય ને કૃપાપાત્ર મહંતસ્વામી. યોગેશ્વરો દાદર મંદિરે રહેતા હતા ત્યારે એમની દેખભાળ અને સાચવણી મહંતસ્વામી કરતા. સાધુ બનાવ્યા પછી બાપા મહંતસ્વામીને કહે, ' મહંત ! છે.૧૧ મોઢે કરજો.' આપણે જાણીએ છીએ કે નાની મોટી આજ્ઞા હોય તોય મહંતસ્વામી બહુ ટોપ રીતે પાળે. પછી સ્વામીબાપા ફરી દાદર મંદિરે આવ્યા. પૂછયું, 'મહંત ! પેલું વચનામૃત મોઢે કર્યું?'

મહંતસ્વામી કહે, 'ત્રણ પ્રશ્નો સુધી થયું છે.'

બાપા કહે, 'પણ કરવાનો જ ચોથો હતો.'

એ પ્રશ્ન એક એવો છે કે એ આપણે જો સિદ્ધ કરી લઈએ તો ધારી સ્થિતિએ પહોંચી શકાય. મહંતસ્વામી એવા પાક્યા.

ભગતજીમહારાજે આ વચનામૃત સિદ્ધ કર્યું હતું. 'એ દિવ્ય ને એના બધાય દિવ્ય' એ વાક્યનો સાક્ષાત્કાર કરી નાખેલો. દેહભાવથી જુદા ને જુદા રહે. આપણો આ સાધનામાર્ગ જ એવો છે કે ગમે તેને સિદ્ધ કરવો હોય તે બચારો જ્ઞાન-ફાન, આત્મા ને પરમાત્મા ક્યાં જોવા જાય ? પણ એક વખત સ્વામીને કલ્યાણદાતા માન્યા એટલે એનાં બધાં પ્રારબ્ધ એ વાપરે છે અથવા એનું બ્રહ્મનિયંત્રિત ચાલે છે. આપણાંય પ્રારબ્ધ વાપરીને આપણુંય કલ્યાણ કરશે. એને ભજ્યા કરો ને સ્વામીને સંભાર્યા કરો. આટલું કરવાનું, બીજું કાંઈ નહીં, બીજું બધું આપણા પ્રકાશમાં લાવે તે ખમવાનું. ખમો, નમો ને ભગવાનને ગમો. ખમવાનું લાગે છે ત્યાં સુધી દેહભાવ છે. પછી સ્મિત જ થશે. કૂતરું તો ભસે જ ને ! અને કોયલ ટહુકે ! એમ સૌ સૌના સ્વધર્મેયુક્ત વર્ત્યે જાવ. જેની જેવી દ્રષ્ટિ. એટલે એ પ્રમાણે હરેક હરેકની વૃત્તિ પ્રમાણે જ વર્તતા હોય. એને કેમ કહીએ કે તું આમ જ કર. સાપના મોંમાં ઝેર જ હોય ને ! એમાં કેવી રીતે ના પડાશે ? બધું કંઈક ને કંઈક ઉપયોગનું હશે, એમ માનીને આપણે આપણું પોતાનું કરી લઈએ. પ્રકૃતિપુરુષથી પર આપણે જતું રહેવાનું. બીજી બધી દુનિયા તો આવવું હશે તો આવશે. એને ભગવાન લાવશે. એને માથે પડી છે, આપણે ક્યાં એની ચિંતા છે? એટલે આપણે પર જતા રહીએ. જ્ઞાનસમાધિ એને કહે છે, સીતાજીના જેવી સમજણનું આ વચનામૃત છે.

વચ.ગ.મ.૧૩માં મહારાજે જાતે સૂઝ આપી એમ અહીં પોતે જ કૃપાવાક્ય કહ્યું. કંઈક સમજણ આપવા જાતે જ બોલવા માંડ્યા કે,

**'જે અમે એક પ્રશ્ન પૂછીએ છીએ જે, ઈંદ્રિયો ને મન એ બેને જીત્યાનું એક સાધન છે કે ઈંદ્રિયોને જીત્યાનું જુદું સાધન છે ને મનને જીત્યાનું જુદું સાધન છે ?'**

મહારાજ મળ્યા, ગુણાતીત મળ્યા. એમના થઈને જીવવાનું નક્કી કર્યું ને અભિપ્રાયની ભક્તિ કરવાનો નિશ્ચય કર્યો. જીવે પ્રત્યક્ષ ભગવાન અને સાધુને માહાત્મ્યેસહિત સ્વીકાર્યા. એટલે આપણે એમના થઈને જીવવાની અભીપ્સા કરી પણ વર્તવાનું તો દેહ ને ઈંદ્રિયો – અંતઃકરણથી છે ને ! એ જીત્યા વિના અક્ષરધામની સમાધિમાં રહેવાય નહીં. એ જીતવું એટલે શું ? કે એ અક્ષરધામને કાયદે વર્તતા થઈ જાય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, અહંકાર, પ્રકૃત્તિ ને સ્વભાવ- એ આઠેય ભગવાનના કાયદે વર્તતા થઈ જાય. અહંકારેયુક્ત મનમુખી વર્તતા હોય તે મૂકીને ગુરુમુખી વર્તતા થઈ જાય.

ઈંદ્રિયોએ કરીને દેખ્યામાં, સાંભળ્યામાં, સૂંઘ્યામાં આવે તો ય મનુષ્યભાવ નહીં લાવવાનો, ને એને લીધે સ્વધર્મ નહીં ચૂકવાનો. અને મનથી રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ, ષડ્ઊર્મિઓ ને ત્રણ ઈષણાઓ એણે કરીને પણ કોઈ દિવસ મનુષ્યભાવ કે અભાવ આવે નહીં એ એને જીત્યા કહેવાય. કલ્યાણને અર્થે જતન કરે એટલો કંટ્રોલ (control) આવી જાય, બાકી બીજે વાપર્યા કરો એ જીતાઈ ગયાં.

અહંકારેયુક્ત આખું જગત છે. આપણેય એમાં ઉછર્યા. અનંત જન્મના પાસ લઈને આવ્યા એ ય હકીકત છે. હવે એ લઈને આવ્યા, ઉછર્યા. સંસ્કાર

પડ્યા અને મગજનાં આલોકના આદર્શોની કોક ગેડ બેઠી. એમાંથી સાધુ મળ્યા ને એણે કહ્યું, 'દેહની અંદર રહ્યો એ આત્મા તું છે, અક્ષર તું છે, બ્રહ્મ તું છે.' અને એને શરણે જઈ એનો પ્રસંગ કરવાનો નિશ્ચય કર્યો. ગુરુમુખી–ઠરાવરહિત જીવીએ તો ઈંદ્રિયો ને અંતઃકરણ રૂપાંતરને પામી જાય, એ બે ને બે ચાર જેવી વાત છે.

આપણી આ સાધના છે. એમાં મનમુખી ઠરાવોને લીધે કંઈક કજિયો થાય એની બાંધછોડ કરવી પડે. પણ એય માહાત્મ્યેયુક્ત સેવાઓ વડે સહેલું કરી નાખ્યું. આ આર.ડી.પટેલ અને એ.આર.પટેલ – Ph.D. ડૉક્ટર છે. એ M.A. ને Ph.D. વાળાને ભણાવે. ને એ અહીં ૧૦ અને ૧૨ ધોરણવાળાને શીખવે. ક્યાં દુનિયાની મોટાઈવાળા ! હિંદુસ્તાનમાં એમનો નંબર ગણાય. એવા બે વૈજ્ઞાનિકો ને પાછા સરસમાં સરસ કામ કરી નીવડેલા. વિદ્યાનગરના કેમેસ્ટ્રી ને ફીઝીક્સ ડીપાર્ટમેન્ટ આગળ પડતા ગણાય – એમાં એવી નામના મેળવેલી. એ નામના બાજુ પર મૂકી આ વિદ્યાર્થીઓને શીખવવા કેટલું મન તૈયાર કરવું પડે ! પણ આ માહાત્મ્ય એમને – અહોહો ! ગુરુ રાજી થશે ! એમની આજ્ઞાએ કરીને કરવાનું એટલે ઈંદ્રિયો અંતઃકરણને કહી દીધું, તમારે આ કક્ષાએ જઈને શીખવવાનું. ને બહુ સીન્સીયરલી અષ્ટાંગયોગ સાધે એ કરતાંય જબરજસ્ત સાધના કરી. શૂરવીરતાથી મંડ્યા. આમ પોઝીટીવ કરો. તમારી આવડત, તમારો રાગ સેવામાં લગાડો એટલે ઓટોમેટીક જગત ખરી જશે.

**પછી મોટા મોટા પરમહંસ હતા તેમણે જેવું જેને ભાસ્યું તેવું કહ્યું પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં.**

નાના–મોટાની તો વાત જ નથી. મોટા મોટાએ ઉત્તર કર્યો પણ મહારાજને બરાબર ન લાગ્યો હં...

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એનો ઉત્તર તો એમ છે જે, વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઈંદ્રિયો જીતાય છે.'**

**વૈરાગ્ય :** જગતમાં રાગ નહીં ને ભગવાનમાં રાગ એ વૈરાગ્ય. વૈરાગ્ય કરવા ગયે ન થાય. પણ પ્રત્યક્ષ ગુરુહરિ ને ગુરુમાં રાગેયુક્ત જોડાઈ જાવ. સૂર્યના પ્રકાશને આવકારો. એમાં લય થઈ જાવ. તમારાં મન–ઈંદ્રિયોને એમાં લીન કરી દો. એમાં રાગ થશે એટલે જગતનો રાગ ઓટોમેટીક ખરી જશે. રાગેયુક્ત સેવા આપી છે એમાં ઈંદ્રિયો અહોહોભાવે વર્તશે એટલે વૈરાગ્ય ઉદય થઈ જશે.

આપણી ઈંદ્રિયો જીતાઈ ગઈ એટલે શું ? મારી આંખની ઈંદ્રિય છે એ જીતી ક્યારે કહેવાય ? ધારો કે અહીંથી બહાર ગયા. આંખ છે તે બધું રસ્તામાં જુએ તો ખરી. ન જુએ એ ન બને. પણ સ્વામીના સંબંધવાળા મળે તો એને જોઈને આંખ હસી ઊઠે. અને સંબંધ વગરનું હોય ત્યાં અથડાઈએ નહીં એટલું જ જોવાનું. એમાં મન ન પરોવાય. ને એકાંતિક હોય એનાં દર્શન થાય તો ઈંદ્રિયો, અંતઃકરણ ને જીવ ત્રણે પરોવાઈ જાય. એમાં લય થઈ જવાય. ને એ સ્વપ્નમાં આવે, એમ તારતમ્યતાએ સ્વધર્મેયુક્ત વર્તતા શીખી જઈએ એ બધી ઈંદ્રિય જીતાઈ ગઈ.

**સ્વધર્મ :** ભગવાન ને સંતમાં આપણે જોડાઈ ગયેલા છીએ. એમના તરફ વફાદારી – બેવફા નહીં રહેવાનું એ સ્વધર્મ. એમની વફાદારીએયુક્ત મનથી અહોહોભાવે સેવા કરીએ, વૈતરું કરીએ એમ નહીં, આવી પડ્યા છીએ માટે કરીએ એમ પણ નહીં. અહોહોભાવે મનનું વલણ તૈયાર કરી દઈએ કે તમે મને ગમે તેના હાથ નીચે મૂકોને – ત્યાં તમારું સ્વરૂપ માનીને ન સેવું તો કહેજો. બસ, એ રીતે શૂરવીરતાથી વર્તીએ એ સ્વધર્મ.

**તપ :** વિહિતભોગમાંથી – આપણને ગમતું હોય, રાગ હોય એમાંથી પાછા વળવું ને મન મારવું એ તપ. ભગવાન ને સંત કહે એટલું કરવું ને ના કહે એ ન કરવું. એમ વરતીએ એ તપ.

અને જબરજસ્ત તપ કોઈ હોય તો નિર્દોષબુદ્ધિ એ મોટામાં મોટું તપ છે. અત્યાર સુધીના બધાય સ્વરૂપોને જે ગમે છે તે – 'મુક્તોમાં મહારાજને જોતા થઈએ.' એમાં પોતાપણું મૂકવું પડે. એ માટે ભજન, સેવા, સમાગમ જે કરવું પડે તે તપ છે.

**નિયમ :** આપણને સામાન્ય નિયમ આપ્યા

હોય. કહ્યું હોય કે આટલા વાગે ઊઠીને ધ્યાન કરવું. સ્વરૂપયોગ કરવો એટલે ઊઠવું જ પડે. આજ્ઞા કરી છે. ઈંદ્રિયોને સહજ મોડા ઊઠવાની ટેવ જ હોય પણ પેલી આજ્ઞા આવી એટલે ઊઠવાનું જ. એમ પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હશે તો ઈંદ્રિયો જીતાઈ જશે. એ આજ્ઞા જ એવી કરશે. એ ઈંદ્રિયોને કંટ્રોલમાં લાવવાનો ઉપાય છે. એમના હેતે કરીને એ કરીએ. આપણને આચારસંહિતા આપી છે એમાં બધી જાતના નિયમો છે એ પાળીએ તો ઈંદ્રિયો જીતાઈ જાય. અત્યારે આપણે ન જોવાનું ન જોઈએ. ન સાંભળવાનું ન સાંભળીએ. એમ નિયમ પ્રમાણે કરીએ તો ઈંદ્રિયો જીતાઈ જાય. ધારો કે બે જણાને સાથે જવાનું કહ્યું હોય તો એકલા નહીં જ જવાનું. સાથે કોઈ હોય તો ઈંદ્રિયો સ્વતંત્રતા નહીં લે. એકલા હોઈશું તો સ્વતંત્રતા લેવાનું મન થશે. પણ પેલું કરીએ એટલે ઈંદ્રિયો જીતાઈ જાય. જ્યાં સુધી Immune ન થઈએ ત્યાં સુધી જ્યાં લૂંટાઈએ – તણાઈ જઈએ ત્યાં ન જઈએ એ નિયમ. આ રીતે વિષયો ન લઈએ. ભક્તિરૂપ હોય એટલામાં જ ઈંદ્રિયો પરોવીએ. એટલું જ બોલીએ, ચાલીએ, ખાઈએ, પીએ ને સાંભળીએ. ભક્તિરૂપ ન હોય તો શું કામ કરવું છે ?! આમ ઈંદ્રિયો જીતાઈ જશે.

**અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જીતાય છે.**

મનને વિશે મહિમાના વિચાર, નિર્દોષભાવના, સંગઠનભાવના વિચારો કરીને ભગવાન અને એમના ભક્તોની સેવા ચાકરી કરીએ. માહાત્મ્યે સહિત સેવા એટલે એ અને એના સંબંધવાળા બધાયની કરીએ તે. સરસ રસોઈ બનાવતાં આવડે તો first class બનાવીને બધાને જમાડીએ તો રાગ ધોવાઈ જશે.

विषया विनिवर्तन्ते निराहारस्य देहिन : ।
रस वर्ज रसोऽप्यस्य परम् द्रष्ट्वा निवर्तते ॥

વિષયો ન આપીએ એટલે ઈંદ્રિયો જીતાઈ જાય પણ રાગ રહી જાય. એ કાઢવાનો ઉપાય માહાત્મ્યેયુક્ત સેવા. ભગવાન અને ભગવાનના ભક્તોને રમાડો, જમાડો, પહેરાવો, ઓઢાડો, તમારો રાગ છે એ લગાડો એટલે તમારો રાગ ધોવાઈ જશે. મન ને ઈંદ્રિયો જીતવાનું આના જેવું સર્વોપરી સાધન દુનિયામાં કોઈ ઠેકાણે હોય તો બતાવો.

આ આઠ ભાઈઓ હતા. સ્વામીએ શું કર્યું ? છાત્રાલય બાંધવાનું આપ્યું. એમાં ઈંદ્રિયો જીતાઈ ગઈ. કોઈ આમ શબ્દ કહી જાય ને કોઈ તેમ કહી જાય, સૌની રીતે સૌ કહે પણ આ લોકોને ધ્યેય તરફ જ દ્રષ્ટિ કે સ્વામીએ છાત્રાલય બાંધવાનું કહ્યું છે ને ! બસ એ વચને મંડ્યા રહ્યા. કેટલીક વખત તો ઠઈડ નીકળી જતી.

એક વખત સ્લેબ ભરવાનો હતો તે બધા મંડ્યા... કે હમણાં ભરાઈ જશે. આટલું જ ભરવાનું છે ને ! તે સાંજનું શરૂ કર્યું તે સવારના ચાર સુધી... તો થાકી જવાય ને ઠઈડ ના નીકળી જાય ? 'અલ્યા, તું જોતો નથી ? આટલું બધું તારું કામ કરીએ છીએ તે...' ત્યારે એ તરફ ભાવફેર ન કર્યો. પાછા કાર્યકરો ને સુપરવાઈઝરો ઘણા. કોઈ કહે, 'આ પાયો ખોદી કાઢો ને કોઈ કહે ચણી કાઢો.' ચણાવે, ખોદાવે ને ભરાવે તોય... સ્વામી કહે,

'અવસર આવીયો રણ રમવા તણો...'

સામી છાતીના લેવાના. હશે, સૌ સૌનું કરશે. આપણે સેવા કર્યા કરો. એમ કરીને ઈંદ્રિયો જીતાડી દીધી.

અહીં આવીને બહેનોની માહાત્મ્યેયુક્ત સેવા આપી દીધી. બદલાની આશા રાખવાની નહીં ને સેવા કર્યા કરી એમાં અંત:કરણ જીતાડી દીધું, શું અંત:કરણ જીતાડ્યું? કે બહારથી ગાળો આવી, અપમાનો થયાં, માન-અપમાન જે થાય તે પણ તમારો રાજીપો મળે છે ને ! એ તરફ દ્રષ્ટિ રાખીને સેવા કર્યા કરીએ. અંત:કરણ જીતાઈ ગયું. જોજો, આપણે નિશ્ચય કરીએ પછી ભીડો એ ભીડો નથી લાગતો. સૂર્યના તાપે તપવું પડે તોય તપીને આપણે સેવા કરીશું. આ દેહે કરીને આટલી જ સેવાએ આવી પ્રાપ્તિ થતી હોય તો એમાં તે કઈ મોટી વાત છે ! ખેડૂતો, વેપારીઓ કેટકેટલા દાખડા કરે છે. કારણ કે એમાં ધનમાં, કીર્તિમાં ખપ દેખાઈ ગયો છે. એવો આપણને ખપ જાગી જાય તો કશું જ અઘરું ન પડે. (ક્રમશ:)



## શ્રી હરિ જયંતીએ...

શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય આજથી ૨૪૬ વર્ષ પૂર્વે સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદી નોમના મંગલદિને છપૈયામાં થયું. સૌ કોઈને સત્ત્વ, રજ, તમથી પર કરીને આત્યંતિક કલ્યાણ કરવા જ તેમનું પ્રાગટ્ય હતું. અનેક જીવોને માનવમાંથી મહામાનવ બનાવવા જ હતુ. તો મુમુક્ષુઓની ચેતનાને જગાડી. તેમનામાં રહેલાં ભક્તિના સંસ્કારોને જાગ્રત કર્યા. નૈતિકતાના, ચારિત્ર્યના સંસ્કાર આપ્યાં. વ્યસનીઓનાં વ્યસન છોડાવ્યાં. શિક્ષાપત્રી આપી વ્યવહારમાં પવિત્રતા લાવ્યા. ઉત્સવોની ઉજવણીથી ભક્તોમાં રસિકતા લાવ્યા. વચનામૃતમાં જીવનમાં ઉપયોગી થાય તેવા રસ્તા બતાવ્યા.

પાકા સત્સંગી વિશે શ્રીહરિ કહે છે કે,

★ '...જો મોટાપુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે એ સર્વે વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય...' (વચ.ગ.પ્ર.૫૮)

★ '...ગમે તેવા વચનના ભીડામાં લઈએ ને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મુંઝાય નહિ.' (વ.ગ.પ્ર.૭૬)

સત્સંગમાં વૃધ્ધિ પામવા વિષે શ્રીહરિ કહે છે કે, '...સર્વે હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર એના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે. એવાં લક્ષણ હોય તો જાણીએ જે શુભ વાસના વૃદ્ધિ પામી છે ને જેમ જેમ વધુને વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ ને વધુ સમાસ થતો જાય ને તે અતિશય મોટપને પામી જાય છે. (વચ.ગ.પ્ર.૨૮)

સત્સંગ દ્રઢ કરવા માટે શ્રીહરિ કહે છે કે, 'જેને પરમેશ્વરના વચનની ખટક રહે ને નાનું-મોટું વચન લોપી શકે નહિ... તેનો જ સત્સંગ દ્રઢ રહે.' (વચ.ગ.પ્ર.૨૪)

'...જેવો દેહના સંબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ રહે. (વચ.ગ.પ્ર.૭૮)

★ પોતે બ્રહ્મસ્વરૂપે વર્તે તો પણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું મૂકે નહીં. સ્વામી સેવકભાવે ભગવાનની ઉપાસના કરે. પ્રત્યક્ષ મૂર્તિ ભગવાનને આકાશની પેઠે અતિશય અસંગી સમજે... ભગવાનનાં ઐશ્વર્યોને જાણે... ભગવાનને અનંતકોટિ બ્રહ્માંડના કર્તાહર્તા જાણે. અનંતકોટિ અક્ષરરૂપ મુક્તોના સ્વામી જાણે ભગવાનની શ્રવણાદિક ભક્તિને દ્રઢ કરીને રાખે. ભગવાનના ભક્તની સેવાચાકરી કરે તેને સત્સંગ કર્યો જાણીએ. (વચ. લોયા ૧)

આપણને સત્સંગનો યોગ મળ્યો છે. સત્સંગમાં દ્રઢ નિષ્ઠા થાય, સત્સંગમાં વૃદ્ધિ થાય, આપણો જીવ બળિયો થાય, નિર્દોષબુદ્ધિ દ્રઢ થાય, અભાવ, અવગુણથી પર રહેવાય એવી કથાવાર્તા દ્વારા સત્સંગમાં મોટા સંત સ્વરૂપો આપણું દિવ્ય બખ્તર બાંધે છે, ને યથાર્થપણે સત્સંગ કરીએ તો દુઃખમાત્ર સદાયને માટે ટળી જાય. માટે સત્સંગ સભા ને સત્શાસ્ત્રનું વ્યસન રાખી અક્ષરધામનું સુખ ભોગવતા થઈએ.

## શાશ્વત સંકલ્પ પર્વ...

જેના વિચારો નીરવતાના મહાસાગરમાંથી ઉત્પન્ન થતા હોય અને 'બહુજન હિતાય બહુજન સુખાય'ના વરદાન સમ વહેતા હોય તે વિચારોથી સહજ સરલરૂપે શાશ્વતતા પ્રવર્તતી હોય છે. વિચારોમાં અહમ્ શૂન્યતા અને આત્માના પરમાત્મા સંગેના અહોમિલનનો પ્રભાવ હોય છે. તે વિચારો ચારેકોર પ્રસરી જડ ચેતન સમગ્રમાં પૃથ્વીનું જતન કરે છે. ચૈતસિક પ્રગતિ કરાવીને માનસિક ભાવની ભૂમિકામાંથી ઊંચે ઊઠાવે છે. કેવળ સહજ અનુભવેલા સનાતન સત્યોના મૂલ્યો જે વિચારથી પ્રગટે અને ચારેકોર પ્રસરે તેને શાશ્વતતાનું બિરૂદ મળે છે.

ગુણાતીત સ્થિતપ્રજ્ઞતાભર્યા વર્તનમાંથી ઉદ્ભવેલો એ વિચાર અન્યોને આત્મજાગૃતિ તરફ દોરે છે, જગાડે છે પિપાસા જગાડે છે કે બૌદ્ધિક મૂલ્યો મૂકીને જે આત્માના અનુભવ તરફ ડગ મંડાવે છે ! એવા વિચાર જે વ્યક્તિથી નહીં પણ આત્મિક શક્તિથી ઉદ્ભવે છે તેને સંપૂર્ણ વૈશ્વિક રીતે શાશ્વતતા સહજ પ્રાપ્ત થતી હોય છે. વિચાર સ્વયંની સ્વાનુભૂતિ અને વર્તનના અર્ચનથી પ્રગટે છે તેને શાશ્વતતા મળે છે. વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા અને તે પણ બુદ્ધિથી નહીં પણ પારલૌકિક ઓજસને પામીને સર્વત્ર પ્રસરે છે. તે વિચાર, સંકલ્પરૂપે બને છે. જેના મન, હૃદય આત્માની પરમ સંગે એકરૂપતા હોય છે તેને વણવિચારે જે શબ્દો ઉદ્ભવે છે તે સંકલ્પ બનીને ચોપાસ સૌને ઉદ્દીપકરૂપે પ્રેરણાના પીયૂષ અર્પે છે !

શ્રીજીનું પરમ તત્ત્વ શ્રી ગુણાતીતાનંદ સ્વામીમાં અનાદિરૂપે જ બ્રહ્મભાવે પ્રગટ હતુ જ જેનો સંપૂર્ણ આવિર્ભાવ અનેક ગુણાતીતભાવના ધારક ત્યાગી કે ગૃહીમાં પ્રગટ થયાં છે. અને તેવા આપણા ગુરુહરિ પપ્પાજી મહારાજ ! આત્માને પરમાત્મામાં વિલીન કરીને શાશ્વતતા બક્ષવી એ જ એકમાત્ર ધ્યેય લઈને પૃથ્વીને, સંબંધયોગે પ્રગતિના માર્ગે ચડાવવી તે માટે જ તેઓ માનવદેહ ધારીને, સાકાર બનીને ધરા પર પ્રગટે છે. એક પરમ તત્ત્વ, પરબ્રહ્મ તેની જે કરૂણા છે તેનો જન્મ ધર્યાનો એકમાત્ર હેતુ છે - 'સુહૃદમ્ સર્વભૂતાનામ્' લઈને માનવીય રીતે લૌકિક, વ્યવહારિક, સામાજિક કાર્યો કરીને - અનેકોઅનેક જડ-ચેતનનું ઉત્થાન કરાવે છે. ગુણાતીત એ નામ નથી એ વ્યક્તિ નથી એ ભાવ છે, એક એવી અવસ્થા છે જેમાં દેહ હોવા છતાંયે વિદેહી વર્તાય છે. ભાવ જગત હોવા છતાંયે અનંત લૌકિક સંબંધોને ધારણ કરી, ભાવ ગ્રહણ કરીને જીવોની અનંત પ્રકારની સંસૃતિને ધોઈ નાખીને, એક પરમ ગુણાતીત પ્રીતિમાં જોડીને, સહજભાવે ચિંતન કરાવે. ચિંતવનના હેતુસર અનેક કર્મયોગોના માર્ગે જીવોને યથાશક્તિ જોડે છે અને જેનાં ફળસ્વરૂપે તે જીવમાત્ર પોતાને બ્રહ્મરૂપ, અક્ષરરૂપ માનતો થાય છે. તેવા વિચારની જે વાણી છે તેને 'પરાવાણી' કહેવાય છે. જે કેવળ બ્રહ્મપ્રેરિત હોય છે અને બ્રાહ્મીશક્તિ પ્રસરાવતી હોય છે. જે જે જીવો એને સાંભળે, ઝીલે ને તેના અંતરમાં તણખો થાય તો તે જીવોમાં ગુણાતીતભાવના ધારક થવાની જીજીવિષા પ્રગટે છે ! એ પરાવાણી શાશ્વત બને છે. ગુરુહરિ પપ્પાજીની પરાવાણી જીવ સોંસરવી, તેજોમય બનીને અહમ્‌ને લય કરીને, બ્રહ્માનંદી ચેતના તરફ પ્રેરતી હોય છે. જે પરાત્પર તત્ત્વ છે તેનાં જ રોમેરોમમાંથી, તેમની ઉપસ્થિતિ માત્રથી કે હયાતિ માત્રે પ્રગટે અને જે અનુભવાય, સમજાય, પ્રેરણા મળે તે આજે આપણા પપ્પાજી સૌમાં શાશ્વત સંકલ્પરૂપે પ્રગટી ને પ્રસારી રહ્યા છે કે જીવભાવ મૂકીને બ્રહ્મભાવ પામીને પરમ તત્ત્વનો પ્રકાશ બનીને જ જંપવું છે. ઉરમાં ઉમંગ ઉઠે કે મારે ચિદાકાશી ભોમમાં વિહાર કરીને પરમ સંગે ઐક્યતા સાધીને પરમ સુખના ભોક્તા થવું છે. તે જે સનાતન સત્ય અંતરમાં ઉદય પામે છે તે એકાંતિક ભક્ત બનાવીને જ જંપે છે. જ્યારે ગુણાતીત સત્પુરુષના જોગમા આવીએ, અનંત જન્મોના પુણ્યના ફળ સ્વરૂપે તેની દ્રષ્ટિમાં આવીએ અને એવા ગુણાતીત ભાવમાં વિચરતા સત્પુરુષો આપણા ગયા અનંત જન્મો અને હવે આવનારા જન્મોને 'હસ્તકમલવત્' નિહાળતા હોય છે અને જ્યારે, જ્યાં, જેવી જરૂરિયાત ત્યારે ત્યાં તેઓ એવું જ વર્તન કરીને જીવો સંગે પોતે હજારગણી

આત્મબુદ્ધિ ને પ્રીતિનો દોર બાંધીને પોતાના જ સંકલ્પ બળે તેને ઊંચે ઉઠાવે છે. ચિદાકાશની ભૂમિકાનો સ્હેજ સ્હેજ અનુભવ કરાવે છે. એવા ગુણાતીત સત્પુરુષો કરૂણાના સાગર સમ હોય છે. ને વ્યાપકરૂપે પ્રગટતા પરબ્રહ્મ તત્ત્વને સ્વીકારીને જીવોની કક્ષાએ વર્તે છે. અને તેમનું એ વર્તન શાશ્વત બને છે. કારણ કે તે અહંકારના અષ્ટ આવરણોને સંશયના અનેક બંધનોને પાર કરાવે છે. તે શાશ્વત પ્રીતિ છે જેમાંથી શાશ્વત વિચાર, વાણી, વર્તન ઉઠે છે. સાગરના મોજાઓ વણપ્રયત્ને ભરતી ઓટમાં ઊઠે છે તેમ નહીં. પણ પરબ્રહ્મતત્ત્વની કલ્પનાતીત શક્તિને પોતાનામાં અવતરિત કરીને સરલતાથી નિર્મલ, નિર્દોષભાવે અનંત મોજા ઉઠે છે ને જીવોને ભીંજવીને માનવમાંથી મહામાનવ બનવાની ખેવના જગાડે છે. તે પ્રીતિ એ જ શાશ્વત પ્રીતિ છે.

નિત્યે પૂજામાં ધ્યાનસ્થિત બિરાજેલા પ્રભુ પપ્પાજી તેમની પૂર્ણ બ્રાહ્મી અવસ્થામાં સંબંધીમાત્રને સંભારીને પોતાના ચિદાકાશમાં પ્રવેશ કરાવીને તે જે સંકલ્પ કરે છે કે પોતાની અજાણતામાં જે ઉઠે છે તે શાશ્વત સંકલ્પ બને છે. નિત્ય ક્રમમાં જે જે દેહની ક્રિયાઓ થાય છે તેમાં પરમ તત્ત્વનો પ્રકાશ અને ઓજસ પ્રસરતું નિહાળ્યું છે. માનવસહજ નહીં પણ ‘કોક તેમનામાં પ્રવેશીને વર્તાવી જાય છે’ તેવા અનેકોનેક વાર આપણે દર્શન કર્યા છે. વળી તેમની સુષુપ્તિ અવસ્થામાં દર્શન કર્યા હોય તો સહજ સ્મિત, સહજ ભૂલકાં જેવી અવસ્થા અને ગાઢ દિવ્યતા સંગેના અનુબંધનનાં દર્શન થાય છે. તે જાગ્રત, સુષુપ્તિ કે સ્વપ્નમાં પણ તેમની આંતરિક શાશ્વત અવસ્થાનું દર્શન થાય છે. દેહાતીત, ભાવાતીત અને અંતે તેમની ગુણાતીત અવસ્થાનો પ્રચાર નથી કરતા, પણ પ્રસાર થતો હોય છે એ તેમની શાશ્વત ઉપસ્થિતિ આપણને આજે પણ સર્વ સ્થળે, સર્વ કાળે અને સર્વોપરી રીતે આત્મસ્પર્શી બનીને તેમની કલ્પનાતીત શાશ્વતતાનો અનુભવ કરાવે છે. અને તેથી જ – જેનું જીવન, આ કે પહેલાના અનેક જન્મોનું જીવન, જેને અનાદિ બ્રાહ્મી અવસ્થા કહેવાય, શ્રીજી મહારાજના પ્રાગટ્યને આજે ૨૪૬ વર્ષ થયા તે દરમ્યાનમાં આપણા સૌના અનેક જન્મો તો ખરા જ ને ! તે સંબંધયોગની સાંકળે આ સમે, આ જન્મે આ માનવદેહમાં પપ્પાજીનો સાકાર, પ્રગટ, પ્રેરક તરીકેનો અનુભવ થયો. ને તેમની અદ્‌ભુત ગુણાતીત અવસ્થાના સર્વે સંકલ્પ, ભાવ ને ક્રિયાથી તેઓ આપણને તેમની સનાતનતાની, શાશ્વતતાની અનુભૂતિ કરાવીને તેવા બનવાની અણજાણી અભીપ્સા, ખેવના જગાડે છે. જે આજે ગુણાતીત સમાજ માટે શાશ્વત સંકલ્પ સ્વરૂપે નિત્યે પ્રત્યે ચોપાસ દર્શનીય, પ્રેરણીય અને આત્માને તેવા જીવન માટે ઝંકૃત કરે છે ‘આપ પ્રસન્ન રહો.’ આપ અખંડ મારામાં નિવાસ કરીને રહો. આપ સર્વેમાં કર્તાહર્તા છો ને નિયંતા પણ આપ જ છો. સૌ કોઈ ગ્રહણ કરે છે ને મારે તેવું પળેપળ માની, અનુભવીને માણવું છે તેવી ભાવના ઉદ્‌ભવે છે ને તે જ પપ્પાજીના શાશ્વત સંકલ્પની ફલશ્રુતિ છે. જગાડવા, દોડાવવા અને ગુણાતીત સાધુ બનાવીને શાશ્વત સંકલ્પને વિચાર, વાણી, વર્તનમાં પ્રગટાવી, પ્રસરાવી...

★ શાશ્વત સંકલ્પના અનેક શબ્દો છે ! ગુરુહરિ પપ્પાજીના નીરવ મન અને ધ્યાનાવસ્થામાંથી જે સહજ ભાવ પ્રગટે છે, તેને શું આપણે ‘શબ્દો’નો મહોરો પહેરાવી શકીશું ? જે શબ્દાતીત છે, જે ભાવાતીત છે, જે કલ્પનાતીત છે અને તેને શબ્દોની ગૂંથણીથી શું વર્ણવી શકાશે ? અનેક જ્ઞાનના વચનો ગુરુહરિ પપ્પાજીએ લખ્યા કે વહ્યા છે પણ તેને એમનો સંકલ્પ કહેવો ? – પ્રત્યેક ચૈતન્ય માટે એક અનોખો જ સંકલ્પ હોઈને સૌને વિધવિધ રીતે આધ્યાત્મિક માર્ગે દોરી રહ્યા છે તો ‘શાશ્વત’ જે રહે છે તે આપણું તાત્ત્વિક રૂપાંતર કરે છે. વણ કહ્યે આંતર પ્રેરણા ઊઠે ને વ્યાપકમાં તે અંત:પ્રેરણા કાર્યાન્વિત બનતી હોય છે એ શાશ્વત સંકલ્પની પ્રારંભિક સૂઝ, સમજ, વિચાર, વિનિમય છે.

પ્રભુની અનુવૃત્તિ અને તે જેના સમગ્ર તન, મનમાં પ્રગટે છે તે સૌ કોઈ શાશ્વત સંકલ્પની સફલતાને માણી, તેની પ્રગટતાને ધારીને બ્રહ્માનંદી ચેતના બનીને સુખ, શાંતિ ભોગવે છે, પ્રસારે છે, વહેંચે છે ! પપ્પાજીની સાકાર ઉપસ્થિતિ માણે છે. (પૂ.ડૉ.નીલમબેન)

## શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

માણસ માત્રનો એક જન્મજાત સ્વભાવ છે કે પોતાની કંઈક આવડત, ગુણ, પોતાના શક્તિ કે સામર્થ્યને સૌ કોઈ નિહાળે અને તેની પ્રશંસા કરે, તે માટે સહજપણે સતત એ આતુર હોય છે. એના વગર જીવવું એ તો એને જાણે અતિ અસહ્ય વેદનાથી તરફડવા જેવું લાગે! આ વાત વિવિધ ક્ષેત્રોના મોટા મોટા ધુરંધરોમાં પણ જોવા મળતી હોય છે.

પરંતુ નિરંતર ગુણાતીત સ્થિતિમાં જીવતા સત્પુરુષની વાત કંઈક જુદી છે ! ત્યારે ગુરૂહરિ પપ્પાજી મહારાજનું જીવન સૌ કોઈને યાદ આવે જ. એક ભજનની પંક્તિ છે ને...

'એ સીધા સરળ છે, સહજ ને સુલભ છે...
કે પપ્પાજી જલ્દી નથી ઓળખાતા...'

ખરેખર પપ્પાજી મહારાજના જીવન કે સ્વરૂપને કોઈ સામાન્ય માનવી પોતાની બુદ્ધિથી કદીય માપી શક્યા નથી અને માપી શકે તેમ પણ નથી ! એમની માનવીય સહજ પ્રકૃતિમાં પણ એક સક્ષમ છતાંય અવ્યક્ત અને અદશ્ય પ્રતિભા છુપાયેલી છે. એમનું વ્યક્તિત્વ એકદમ સહજ ને સરળ છતાંય ગહન અને ગંભીર છે. કાયમ અજ્ઞાત અને અલ્પ રહેવામાં જ એ ધન્યતા માણે. પોતાની સામર્થીનું એને બિલકુલ જાણપણું નહીં અને એ સામર્થ્ય કોઈપણ રીતે છુપાવીને રહેવું એ જ જાણે એમની ભક્તિ !

એક વખત કોઈ જીજ્ઞાસુ મહાનુભાવો પપ્પાજી મહારાજનું કાર્ય અને ગુણાતીત જ્યોતની પ્રતિષ્ઠા અને ખ્યાતિ સાંભળીને, સાચી જાણકારી મેળવવા માટે વિધાનગર મુલાકાત માટે આવ્યાં. તેઓ જ્યોત કે પપ્પાજી મહારાજથી બિલકુલ અપરિચિત હતાં. પ્રથમ વખત જ તેઓ શોધતા શોધતા જ્યોત પાસે આવ્યા. પણ અહીં કોને મળવું, ક્યાં મળવું ? એ પ્રશ્ન હતો.

પ્રભુકૃપા પાસે આવ્યા ને જોયું તો સાદા અને સફેદ લિબાસમાં ગુરુહરિ પપ્પાજી મહારાજ ત્યાં હાજર હતા. નજીક આવીને પૂછયું કે અમે ગુણાતીત જ્યોતની બહેનોની અને પપ્પાજીની ઘણી સારી સારી વાતો સાંભળીને ઘણાં સમયથી રૂબરૂ મુલાકાત માટે વિચારી રહ્યા હતા તો આજે તે માટે આવ્યા છીએ. ગુરુહરિ પપ્પાજી મહારાજે આવકાર આપ્યા, થોડી વાતો કરી અને કહ્યું કે સામે જે ઝાંપો છે ત્યાં જાવ, હું ત્યાં જણાવી દઉં છું. ત્યાં તમને દર્શન કરવાની અને મળવાની વ્યસ્થા ગોઠવાઈ જશે. મહેમાનોએ કહ્યું હાજી! એ બધું બરાબર પણ આપનો પરિચય ? આપ અહીં શું કરો છો ?

તો ગુરુહરિ પપ્પાજી મહારાજે જવાબ આપતા કહ્યું કે, 'હું અહીં જ રહુ છું અને હું આ ગુણાતીત જ્યોતની રખેવાળી અને ચોકીદારી કરવાની સેવા બજાવું છું. મારા ગુરુ જોગી મહારાજે આ સેવા સોંપી છે.' આ વાત સાંભળીને મહેમાનો જ્યોતમાં ગયા.

ત્યાં સદ્‌ગુરુઓ અને સંત બહેનોએ આવકાર્યા, મંદિરમાં દર્શન કરવા લઈ ગયા, સૌને મળ્યા અને એમના પ્રશ્નો અંગે વિચાર વિમર્શ થયા, પપ્પાજીના આધ્યાત્મિક કાર્ય, જીવન પ્રસંગો અને માહાત્મ્યની ઘણી વાતો થઈ. મહેમાનો આ બધું સાંભળી ખૂબ સંતોષ અને આશ્ચર્ય સાથે આનંદિત થયાં.

અચાનક મહેમાનોએ કહ્યું કે, 'અમને હવે પપ્પાજીના દર્શન કરવા છે, મળવું છે તો તેઓ ક્યાં અને ક્યારે મળશે?' આ સાંભળી બહેનોને જરા અચરજ થયું અને કહ્યું કે, 'પ્રભુકૃપામાંથી જ તો તમે દર્શન કરીને આવ્યા ને !' મહેમાનોએ કહ્યું કે 'હા, પણ ત્યાં અમને પપ્પાજી નથી મળ્યા.'

બહેનોએ પૂછયું, 'તો પછી પ્રભુકૃપામાં તમે કોને મળ્યા ?' મહેમાનોએ કહ્યું, 'હા, ત્યાં અમને એક વડીલ સજ્જન મળ્યા હતા.' બહેનોએ હસતાં હસતાં કહ્યું, 'એ જ સ્વયં પપ્પાજી છે !' 'ઓહ ! જે રખેવાળ અને ચોકીદારની વાત કરતા હતા એ જ સ્વયં પપ્પાજી હતા ? અરે ! અમારી કલ્પનામાં તો કોઈ એકદમ જાજરમાન અને અતિ પ્રભાવશાળી વ્યક્તિત્વ હશે એવું હતું...

ખરેખર અમે તો એમના સાદા વસ્ત્રો અને એમની

સાદાઈ જોઈને ઓળખી જ ન શક્યા ! મોટા હશે એવું તો જરૂર લાગ્યું જ, પણ અમે જ એમનો પરિચય પૂછીને ખરેખર છેતરાઈ ગયા !'

અહોહો ! આટલા બધા છૂપા પપ્પાજી ! આટલી મોટી સંસ્થાના સ્થાપક ! અનેકના જીવનને ઉત્તમ કક્ષાએ લઈ જનાર આ મહાપુરુષ ! અને સૌના પ્રાણાધાર એવા આ પપ્પાજી ! કે જેના પ્રતિભાવમાં તો શું પણ એમના વિચારમાંય ક્યાંય, ભૂલથી પણ પોતાની જરા સરખી મોટપભરી ઓળખાણ ન છલકાઈ ! અને મહેમાનોના મુખમાંથી શબ્દો સરી પડ્યા કે, 'અહોહો આવા પપ્પાજી ! કેવા અદભુત નિર્લેપ અને નિર્માની પુરુષ ! ખરેખર આવા સત્પુરુષ જેમને મળ્યા હોય એ બધા કેટલા બધા નસીબદાર કહેવાય !'

આ તો એક નાની સરખી ઝલક છે. આવા તો અનેક આશ્ચર્ય પમાડે તેવા અનેક પ્રસંગો હશે. આપણે તો એમની પ્રસન્નતા પામવા, એમના આશરે, એમના થઈને જીવીએ છીએ તો આ પપ્પાજીના સાક્ષાત્કારને પામવા ને સંપૂર્ણ સમર્પિત થવા સાબદા બનીએ.

આપણે સૌ કેવા નસીબદાર છીએ ! કેવી અદ્‌ભુત પ્રાપ્તિ થઈ છે ! કે જે સ્વરૂપ કોઈના જાણ્યામાં પણ ન આવે ! કોઈનીય ઓળખમાં પણ ન આવે એવા આપણને મળ્યા, ઓળખાયા ! એ જ પપ્પાજી મહારાજે આપણા અને આપણા જેવા અનંત મુક્તોના જીવન ખૂબ ઊજળા કર્યા છે. ખૂબ ખૂબ પ્રાપ્તિ કરાવી આપણા જીવોને ખૂબ મજબૂત કર્યા છે. સાચી સાધનાના સુખભર્યા પથ પર ચાલતા કર્યા છે. અનંત ઋણ છે આપણા સૌ પર...

તો હે શાશ્વત સ્વરૂપ પપ્પાજી મહારાજ !

આપે અનેક પ્રકારના બંધનોથી અમને સાચા અર્થમાં મુક્ત બનાવ્યા છે. તો એક અક્ષરમુક્તની અદાથી, આત્મારૂપ, બ્રહ્મરૂપ રહી આપની ભક્તિ કરતા જ રહીએ. દિન પ્રતિદિન આપનું સ્વરૂપ સમજાતું જાય, ઓળખાતું જાય અને અમારી સઘળી વૃત્તિઓ, લાગણીઓ, ઊર્મિઓ અને સ્વભાવો કેવળ આપનામાં જ વિલીન થાય. 'સ્વ'નું સંપૂર્ણ વિલીનીકરણ કરી એક આપનો પ્રકાશ બની રહીએ. આપે જે સંકલ્પરૂપી યજ્ઞ કર્યો છે તેમાં અમારા અહમ્‌નું સમીધ હોમીએ. જેથી અંતે કેવળ આપની પરાભક્તિની જ દિવ્ય સૌરભ વહેતી રહે. એવું જીવન જીવી આપને સદાય શાશ્વત રાખીએ એવી અંતરની અનંત પ્રાર્થના છે.

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

## પરમની આરાધના

### ૨૫૩. ચિદાકાશ દિન

યોગીબાપાની આજ્ઞાથી કાકાજી પપ્પાજીના ઘરે – તારદેવ, ૬/ડી, સોનાવાલામાં ઈ.સ.૧૯૫૨થી બહેનો ભગવાન ભજવા તૈયાર થતા ગયાં. તારદેવ સાધના મંદિરમાં રહીને સાધના કરતાં બહેનોને પપ્પાજીએ પ્રથમ અને દ્વિતીય ગ્રુપમાં વહેંચેલા. કેટલાંક બહેનો પોતાના ઘરે રહીને સાધના કરી રહ્યાં હતા તે તથા નવા સાધકોમાંથી પસંદ કરીને ૩૦ બહેનોને પપ્પાજીએ સદ્‌ગુરુની પંક્તિમાં મૂક્યાં.

આ સદ્‌ગુરુઓની પ્રત્યેક પળ પ્રભુમય હોય, મહારાજ, સ્વામી ને યોગીબાપાના સિદ્ધાંતે અચળ સ્વરૂપનિષ્ઠા, અખૂટ માહાત્મ્ય, અસાધારણ દિવ્યભાવે સહિત ગરજુ બનીને સેવા કરવી એ જ જીવનનું ધ્યેય, સુખ ને આનંદ હોય. આ સિદ્ધાંત સ્વભાવ બની જાય તેવા હેતુથી ઈ.સ.૧૯૮૨ની ૨૫ નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી મહાબળેશ્વરમાં શિબિર કરી. પૂર્ણાહુતિની સભામાં આ દિવસને 'ચિદાકાશ દિન' તરીકે ઓળખાવી સંકલ્પ કરાવ્યો.

ત્યારથી દર માસની ચોથી તારીખે – 'ચિદાકાશ દિન' નિમિત્તે સદ્‌ગુરુ સ્વરૂપોની શિબિર થાય છે.

### નિર્ણય

★ શ્રી હરિજયંતી :
ચૈત્ર સુદ-૯, રવિવાર, તા.૨૬.૩.૨૦૨૬

★ એકાદશી :
ચૈત્ર સુદ-૧૧, રવિવાર, તા.૨૯.૩.૨૦૨૬

★ એકાદશી :
ચૈત્ર વદ-૧૧, સોમવાર, તા.૧૩.૪.૨૦૨૬

## સત્સંગ સમાચાર

### તા.૧૪.૨.૨૦૨૬ : પ.પૂ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...

તા.૧૪.૨.૨૦૨૬ના પપ્પાજી હૉલમાં સવારે ૧૦ વાગ્યે પ.પૂ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિનની સભા આવાહ્‌ન શ્લોકથી શરૂ થઈ. ત્યાર બાદ શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.તારાબેનને હાર અર્પણ, ભાવાર્પણ થયા.

સભા સંચાલન કરતા પૂ.સ્મૃતિબેન દવેએ મહિમાગાન કરતા કહ્યું કે – ગુણાતીત સમાજના સર્વ સ્વરૂપો – મુક્તો આછા-પાતળા સંબંધમાં આવનારા સૌ બ્ર. સ્વ. તારાબેનના જીવનથી અપરિચિત નથી. એટલી તો નવા સંબંધવાળાને ખબર જ છે કે શ્રીજી મહારાજનાં વચનામૃત ગ. છે. ૨૬ના વચનો છે – સાધુગુણેયુક્ત બહેનો થકી બહેનો અને ભાઈઓ થકી ભાઈઓને ભગવાનની માફક પૂજવા યોગ્ય છે. તેમાંના પ્રથમ પ.પૂ. તારાબેન.

ગુરુહરિ પપ્પાજી મહારાજ જે અક્ષરધામનો સમાજ લઈને આવ્યા તેમને ભગવાન માનીને સેવા કરવી એ ભાવો સહજમાં થયા. એમને શ્રદ્ધા છે કે આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરીશું. અને એના માટે જે આછી પાતળી કસર હોય તે ટાળવા માટે આપણે આ સમૈયો કરી રહ્યા છીએ. તો એવા ગુણાતીત સ્વરૂપોના સાંનિધ્યે આપણે એમના માહાત્મ્યના ગુણાનુગાન ગાતા કસર ટાળી દેશે. પપ્પાજી હંમેશા કહેતા કે 'તારાબેનનું બધું કામ હું કરું છું.' તો આપણે બધા તારાબેનના છીએ તો આપણું બધું કામ ગુરુહરિ પપ્પાજી એટલે મહારાજ કરી જ જશે. તારાબેન વગર સમાગમે બધુ સમજી ગયા કે પપ્પાજીની શું રુચિ છે ? પ્રાર્થનાનો આશરો ને સૌમાંથી ગુણ જ લીધો તો આજે તારાબેનના જીવનમાંથી જે કંઈ પ્રેરણા મળે તે લઈ આપણે આપણું કરી લેવા સંકલ્પ કરીએ તેવી પ્રાર્થના.

પૂ.નલિનીબેન રચિત ભજન 'આનંદ ઉરે ન માયે...' ગવાયું. માહાત્મ્યગાન અને આશિષ લાભ લીધા એના સારનું મનન કરીએ.

પૂ.ડૉ.વીણાબેન : આપણે તારાબેનની નાની મોટી વાતોથી જાણીતા છીએ. મેં એકવાર પપ્પાજીને પૂછ્યું કે, તમે ઈંગ્લેન્ડ હો અને મારે કોઈ આધ્યાત્મિક વાત પૂછવી હોય તો હું કોને પૂછું ? તો પપ્પાજી કહે કે તારાને પૂછવાની. તારાબેન તો બહુ ઓછું બોલે ને સંકલ્પથી કામ કરે. મારે એક મોટો આધ્યાત્મિક પ્રશ્ન આવ્યો. આવું તો ના જ ચલાવાય એવું મારા મનમાં ચાલ્યા જ કરે. હું તારાબેનને જણાવવા ગઈ કે આ તો હું કહી જ દઈશ. તારાબેને જોરથી મોટા અવાજે કહ્યું કે, આ વાતમાં તારે એક પણ શબ્દ બોલવાનો નથી. એટલે હું કંઈ ન બોલી. પણ એ ન બોલવા માટે મેં કેટલું ય ભજન કર્યું ત્યારે હું મારી જાતને નીરવ કરી શકી. જ્યારે એ તારાબેન કેવા હશે કે જન્મથી નીરવ જ હતા. એ કેવી વાત કહેવાય !

જોગીબાપાએ એકાવન સાધુ બનાવવાનો સંકલ્પ કર્યો ત્યારે તારાબેનને એમ થતું કે અમે સ્ત્રીનો દેહ ધર્યો એટલે અમારાથી ભગવાન ન ભજી શકાય ? એમની દુખાટભરી પ્રાર્થના બાપાએ ઝીલી અને પપ્પાજીને બોલાવ્યા. અને પછી આખું આ બહેનોનું કાર્ય શરૂ થયું. જોગીબાપાએ આવું એકદમ જુદું, કામ કરવા માટે પપ્પાજીને અને તારાબેનને પસંદ કર્યા.

પપ્પાજીએ બોલીને તારાબેનને કંઈ કહેવું નથી પડ્યું. તારાબેન સમજી જ ગયા હોય કે પપ્પાજીને શું કરાવવું છે ? તારાબેને પણ કદી કોઈને કંઈ કહ્યું જ નહીં હોય. પ્રાર્થનાથી જ કાર્ય કર્યું.

જે કોઈ ચૈતન્યને દ્રષ્ટિમાં લીધા તે બધાના જીવમાં પાતાળે પાયા નાંખ્યા છે. દરેક ચૈતન્ય માટે કંઈક કર્યું જ છે. પપ્પાજી પોતાની સાથે પોતાનું વિશ્વાસુ પાત્ર લઈને આવ્યા. આપણો આધ્યાત્મિક વારસો એટલો જબરજસ્ત છે કે ધન્યતા જ અનુભવાય. ને તે વારસો આપણે જાળવીએ એ જ પપ્પાજી, દીદીને પ્રાર્થના.

પૂ.જ્યોતિબેન માવાણી (વિદ્યાનગર) : ક્યાંથી શરૂ કરું અને ક્યાં પૂરું કરું ખબર નથી પડતી. પણ મારા મેરેજને ૪૭ વર્ષ થયા. એટલા વર્ષથી તારાબેન સાથે

છું. હું તો ખૂબ નસીબદાર. મારા જીવનમાં તારાબેનના હિસાબે જ દિવ્યભાવ રહ્યો છે અને રહે છે.

તારાબેનની સ્મૃતિની વાત કરું. અમે મુંબઈ ચાલીમાં પતરાવાળી રૂમમાં રહેતાં. ત્યારે એ.સી. પણ નહોતું. અમને એમ થાય કે તારાબેન આખો દિવસ રહે. તારાબેનને ગરમી થતી હોય તો લાલ લાલ થઈ જાય. પણ એમણે કોઈ દિવસ આવવાની ના નથી પાડી. અમે અહીં રહેવા આવ્યા પછી દિવસમાં ૪–૫ વાર આવું તોય દરેક વખતે મારા માટે ટાઈમ કાઢે જ. હવે સમજાય છે કે આપણે એમને કેટલા બધાં બાંધી રાખતા હતા ! અને એમણે કોઈ દિવસ જણાવ્યું પણ નહીં કે મને આ તકલીફ થાય છે. એટલો બધો પ્રેમ તો મા–બાપ પણ ન આપી શકે.

ગુરુ, ગુરુહરિ તમે બધા સમર્થ મળ્યા છો. હવે અમારે તો કાંઈ કરવાનું નથી. જે જે કર્યું છે તે તમે કર્યું છે ને કરશો. અમે તો ખાલી હાથ જોડીને બેઠા છીએ. જ્યાં જઈએ ત્યાં તમે જ બધા યાદ આવો. મારા જીવનમાં બધું જ તારાબેને કર્યું છે. ખૂબ જ જતન કર્યું છે. જે કંઈ સેવા કરી છે તેનું વળતર કેવી રીતે આપે છે તે વર્ણન કરાય તેવું નથી. રુંવાડે રુંવાડે તમારું ઋણ છે. તમારી સાથે જ રહેવું છે. એ જ અંતરની પ્રાર્થના.

**પૂ.શશીભાભી વીંછી (મુંબઈ) :** જમનાબેન જ્યારે મને જોવા આવ્યા ત્યારે કહેલું કે, અમારે સ્વામિનારાયણ ધર્મ છે, તમે પાળશોને? મેં હા પાડી. લગ્ન પછી જમનાબેને કહેલું કે તમને મારા માટે કાંઈ થાય તો તમારે તારાબેનને કહી દેવાનું. હું તો જગતમાંથી આવેલી. તારાબેને દિવ્યભાવ રાખતા શીખવ્યું. પ્રજ્ઞા, પ્રીતિ નાના હતા તો ખૂબ સાચવ્યા ને રખોપું કર્યું. તે ઋણ ચૂકવાય તેમ નથી. તારાબેનને પ્રાર્થના કે તમને જેવું ગમે છે તેવું જીવન કરી આપજો. અંતમાં 'ગુરવચનો કો રખના સંભાલ કે...' ભજનની કડી ગાઈને પોતાની પ્રાર્થના ધરી.

**ગુણાતીત પ્રકાશ પૂ.નંદુભાઈ :** ખરેખર પપ્પાજી અને તારાબેને એમના સંકલ્પમાં રાખ્યા છે. ને એ સંકલ્પ હજુ પણ ચાલે જ છે. અમને તો સમજણ નહોતી પણ એમનો સંકલ્પ કામ કરી ગયો.

એક સમય એવો આવ્યો કે મને એવું લાગે કે જીવનમાં મારું કોઈ છે જ નહીં. તારાબેન કહે, પપ્પાજીને વાત તો કર. ત્યારે પપ્પાજી બ્રહ્મજ્યોતિ સોનામૃતમાં રહેતા ને હું પપ્પાજીને માલીશ કરવા જતો પણ વાત ન કરી શકું. તારાબેન કહે હું ભજન કરું છું તું વાત કર. ને મેં પપ્પાજીને વાત કરી. પપ્પાજી કહે આજથી હું તારો. તારાબેનના સંકલ્પે કામ થઈ ગયું ને પપ્પાજી જીવમાં બેસી ગયા.

તારાબેન સ્વધામ ગયા ત્યારે પપ્પાજી કહે. 'તારા આખા કુટુંબની જવાબદારી મેં જ્યોતિબેનને સોંપી છે. માટે તું દિલગીર ન થતો.' અત્યારે દીદી પણ એવું જ જતન કરે છે. આપણે તો આનંદ જ લેવાનો છે. જે ખામી છે તે આપણામાં છે. પપ્પાજીનું કાર્ય કરવામાં અમારા જીવનમાં કચાશ ન રહે તે જ પ્રાર્થના.

**પૂ.નેહલબેન દુબલ :** ઘરમાં સત્સંગ હતો તો પપ્પાજી અને તારાબેન કૃપામાં મળી ગયા. તેથી હું આ સ્થાનમાં છું. પપ્પાજી કહેતા કે તું ભગવાન ભજ. ને હું ના પાડતી હતી. પપ્પાજીએ મન બદલી દીધું ને મને લાગ્યું કે જીવનમાં પપ્પાજી અને તારાબેન તો જોઈશે જ ને જ્યોતમાં આવી ગઈ. ત્યારપછી મેં તારાબેનને પૂછ્યું કે, તમે કેમ ક્યારેય મને ન કહ્યું કે, તું ભગવાન ભજ ? તો તારાબેન કહે, હું ભજન કરતી હતી કે તને અંદરથી ઉગે. હું કહું ને તું કરે એવું નહીં. ખરેખર એમણે અંદરથી ઉગાડ્યું.

અમને વ્રત આપ્યું ને દોઢેક વર્ષમાં તારાબેન બીમાર પડ્યા. મને કહેલું કે તારે ઘરે જવું હોય તો છૂટ છે. પણ ખરેખર પપ્પાજી, તારાબેન અને આ સ્વરૂપોની કૃપા કે કોઈ દિવસ એવો વિચાર મનમાં ઊઠ્યો જ નથી. ખરેખર એમનો સંકલ્પ કામ કરે છે અને આ બધા સ્વરૂપોએ પણ એટલું જ પ્રાર્થના કરીને જતન કર્યું છે. ખરેખર એમને પ્રાર્થના કરીએ છીએ તો એ બધી સાંભળે જ છે અને એમનું જતન હજુય ચાલુ જ છે.

આમ જોઈએ તો ચારે સ્વરૂપોની રીત જુદી છે. પણ કોઈ પ્રસંગ બને ત્યારે દરેકમાંથી તારાબેન જે જવાબ

આપે તેવા જ જવાબ મળે છે. હવે એક જ પ્રાર્થના છે કે પપ્પાજી, તારાબેન, દીદીબા અને આ સ્વરૂપોને રાજી કરી લઉં.

**પૂ.મીનાબેન ગાંધી :** તારાબેને હરેક પ્રસંગોમાં કાર્યકારણ જોયા વિના પ્રાર્થનાનું જ બળ લીધું. હૈયાની વરાળ ક્યાંય બહાર ન કાઢી. એક ભગવાનનો જ આશરો લીધો. આપણને અત્યારે કહે છે કે તમારો સંકલ્પ બળિયો કરો. તારાબેને તો પહેલેથી જ એ કર્યું. ન્યાય-અન્યાય કાંઈ ન કર્યું. ભજન જ કર્યું તો આપણા ધ્રુવતારક બની ગયા.

આ ચારેય સ્વરૂપોની રીતો જુદી છે પણ એકતા અજોડ છે. નવો રાહ આપણા સૌ માટે ખોલ્યો અને આપણને સૌને સુખિયા કર્યા.

તારાબેનના જીવનમાં દરેક ચૈતન્યનું એક સરખું સ્થાન છે. હું બોરીવલી સેન્ટર પર રહેતી હતી. અમારે સવારે વહેલા નીકળવાનું હોય. રાતે તારાબેનને ના પાડી હોય તો ય એ સવારે વહેલા બહાર આવે જ. એવી જ રીતે તારાબેન બીમાર હતા. જમનાબાને કાંઈક કામ માટે મુંબઈ જવાનું હતું. બપોરે મળીને જ ગયેલા. છતાં એમના જવાના સમયે મને કહે દરવાજો ખોલી નાંખ. આજ જમનાબા જવાના છે ને ! કેટલું અનુસંધાન એક ચૈતન્ય માટેનું. અને જમનાબા જે ભાવથી પગે લાગ્યા અને તારાબેને એમની સામે જે દષ્ટિ કરી એમને સભર કરી દીધા. આ કેવળ પપ્પાજી તરફની ભક્તિ.

એકવાર બે બહેનો તારાબેનને કંઈ વાત કરવા આવ્યા. હું પસાર થતી હતી તો તારાબેને મને ઊભી રાખી. મને થયું કે તારાબેન મને કંઈક શીખવાડવા માગે છે. મેં પૂછયું તો કહે, સાચું ખોટું કાંઈ નહીં. જે ભગવાન જુવે તે મોટો. એવું ભજન કરવાનું કે પપ્પાજીને જે રૂપાંતર કરવું છે તે થાય. બુદ્ધિનો આશરો ન લેવાય. ભજન કરીએ તો પપ્પાજી સર્વોપરી ઉકેલ લાવશે જ. આમ સાથે રહીને ભગવાન જોતા શીખવ્યું.

બસ જીવનમાં પપ્પાજીને પળેપળ કર્તાહર્તા માનતા થઈ જવાય. કાર્યકારણ દેખાય છે પણ પપ્પાજી સર્વોપરી છે ને એ કાર્ય કરશે જ તેવો સંકલ્પ બળિયો બનાવું એ જ પ્રાર્થના.

**પૂ.લીલાબેન :** તારાબેન અને માસીબાના સંકલ્પે આજે અહીં છું. તારાબેન એટલે મૌન સમર્પણ. બોલવાનું નહીં અને સંકલ્પે બધું કરવાનું. પ્રભુના આશરાથી, સંકલ્પની તાકાતથી જેવું થાય છે, એવું બીજું એકેયથી થતું નથી. સત્ય સંકલ્પનું સ્વરૂપ એટલે તારાબેન.

તારાબેનના પ્રવચન સાંભળીશું તો પપ્પાજીની સ્મૃતિઓ એકદમ ઈદમ કરાવી દે તેવા છે. આધ્યાત્મિક સમતા અખંડ જોવા મળે છે. પ્રભુ તરફ દ્રષ્ટિ રાખીને બધા ઉકેલ લાવતા હોય. જ્યારે જે સેવા કરવાની હોય તે ભગવાનમાં રહીને જ કરે. તારાબેન પ્રભુના વારસદાર બની ગયાં છે. એમણે પ્રભુ તરફ જ દ્રષ્ટિ રાખી, પોકાર કરી બાજી જીતી ગયાં. એમ આપણે પણ જીવવું પડે. એ સંકલ્પ કરશે પણ એમના ચીલે ચાલવું પડે. એ જેમ અખંડ પ્રભુમાં ખોવાયેલા રહ્યાં, એમની અનુવૃત્તિ પ્રમાણે જીવ્યાં તેમ અમે જીવતા થઈ જઈએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** મહારાજ પોતાનું અક્ષરધામ, પાર્ષદ ને સમગ્ર ઐશ્વર્ય લઈને પધાર્યા તેમ પપ્પાજી બા, બેન અને ચાર સ્વરૂપોને પોતાની સાથે લઈને આવ્યા. એ જમાનામાં આ સ્વરૂપોએ સમર્પણ કર્યું. તારાબેને પહેલ કરી તો આપણે આટલા સુખિયા છીએ. એ લોકો તો આ તત્ત્વ લઈને જ આવ્યા હતા.

તારાબેનને હંમેશા છૂપા રહેવાની ભાવના. એ પૂર્વે બધું કરીને પપ્પાજીના કાર્યમાં સાથીદાર થવા આવ્યા. તેમના પોકારથી પપ્પાજી આવ્યા. એ વખતે એમને અંતરમાં અવાજ આવ્યો ને એમણે પપ્પાજીને કહ્યું કે હું સમજી ગઈ કે તમારે શું કરાવવું છે. ને તે સીધું વર્તનમાં આવી ગયું. આ સ્વરૂપો કેવી સામર્થી સાથે પ્રગટ્યા હશે !

તારાબેને સૂત્ર આપ્યું કે, આ ધામના ધગધગતા અંગારા છે. મુક્તોમાં દિવ્યભાવ રાખવો કેટલો અઘરો છે એ તારાબેનને સમજાઈ ગયું. એમને નિર્દોષ માની સેવા કરીશું તેનું ફળ જુદુ છે. જે મુક્તોમાં મહારાજ

જોઈ શકે તે આ સ્થાનમાં મોટો છે. તેને પપ્પાજી પ્રાપ્તિ કરાવે છે. તે જ્ઞાન એ જમાનામાં એમને હતું. પપ્પાજીને રાજી કરવા હોય તો દીદી સાથે એકતા કરી દઉં. બધામાં નિર્દોષબુદ્ધિ રાખીને વર્તીશ તો રાજી થશે. એ વર્તનમાં મૂક્યું એ તારાબેન. સામામાં પ્રભુને જુઓ એ જ આ સ્થાનની મોટપ ને આધ્યાત્મિક સ્થિતિ છે.

હું કંઈક છું તેવું તારાબેનના વર્તનમાં જોયું નથી. પપ્પાજીનો મહિમા જ ગાયા કર્યો. અખંડ સત્પુરુષમાં રહો તો કોઈ સાધના નહીં કરવી પડે એ આપણને શીખવ્યું. પોતે સભામાં ટાઈમસર આવી જતાં. એ ગૃહમાતા હતા પણ તેનું જાણપણું નહોતું. આ વસ્તુ શીખવાડે છે કે આપણે અખંડ પ્રભુમય રહેવું. સ્વ જ નહીં. તારાબેને ચૈતન્યોમાં આ રીતે કામ કર્યું છે. તેમના આદર્શ જીવનમાં રાખીએ. તારાબેનના સમૈયામાંથી એટલું લઈને જઈએ કે આપણા સ્વરૂપોની રુચિ એ જ જીવન બને. એવા વિચાર, વાણી, વર્તન સહજ બને તેવો બુદ્ધિયોગ આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.તારાબેન :** નરતનુધારી ગુણાતીત સ્વરૂપ પપ્પાજી છે તો તેમની રુચિ પ્રમાણે જીવીએ તો તેમના જેવું સુખ લેતાં કરી દે. બધા પ્રગતિ કરતા ચૈતન્યો છે. પપ્પાજી અક્ષરધામની સમાધિમાં રહીને જીવીએ તેવી અપેક્ષા રાખે છે. તો તેવું ભક્તિરૂપ જીવીએ. પપ્પાજી પોતાના દેહમાં રહ્યા જ નથી. ૨૪ કલાક તેમનામાં રહેતા થઈ જઈએ તો આપણે કેવું જીવવાનું છે તેની સૂઝ પાડશે. આપણે કોઈના પ્રકૃતિ – સ્વભાવ જોવા નથી. પપ્પાજીએ નથી જોયા તો આપણે કેમ જોવા છે ? ચૈતન્યોનો વેપાર દેખાય છે ? નથી દેખાતો તો શા માટે જોવું છે ? આપણે પપ્પાજી જેવી સમાધિમાં રહેતા થવું છે. પપ્પાજી આપણને એવું કરાવી આપે તેવી પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** મહારાજ ગુણાતીત સમાજની સ્થાપના કરવા માટે સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થો સાથે લઈને આવ્યા જે આધ્યાત્મિક દોરવણી આપે. એવા તારાબેન, જ્યોતિબેનને મહારાજ લઈને આવ્યાં. જોગી મહારાજનો સંકલ્પ ઝીલ્યો. જગતની માયા સામે ટક્કર ઝીલી ના શકાય તે આ બહેનોએ ઝીલી ને સમાજની માયાથી પર વર્ત્યા. અગ્નિ સાથે રમત ના કરશો, અમે શ્રીજી મહારાજને પરણી ગયા છીએ એવી શૂરવીરતા રાખી. ભગવાન ભજવા છે ને ભજાવવા છે તેમ વર્ત્યા. બાપાએ કહ્યું કે બહેનો ભગવાન ભજે તો શું ખોટું છે ? તારાબેન, જ્યોતિબેન સાથે હંસાબેન, દેવીબેન આવ્યાં ને જ્યોતનું સર્જન થયું. સાચા દેવળે ઘંટ વાગ્યો. આ બહેનોએ વગ.ગ. છે.૨૬ સિદ્ધ કરીને મહારાજની લાજ રાખી. આ ચાર થાંભલા પર જ્યોતની રચના થઈ છે. આ બધાય સુખે સુખે સાધના કરે તેવી પ્રાર્થના કરે છે. અનંતને ટાઢું કરે તેવા તારાબેન ને આ સ્વરૂપો પાકી ગયાં. ગૃહી–ત્યાગી સુખ, શાંતિ ને આનંદથી ભજે તે જોગીના આશીર્વાદ ફળે તેવી આજના દિને પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આપણા ધ્રુવતારક તારાબેનનો ડીવાઈન ડે છે. આપણા બધાનો ભગવાન સાથે સંબંધ થયો છે. તેનો પ્રારંભ કરનાર તારાબેન છે. બધાએ બહુ સરસ મહિમાની વાતો કરી.

હવે વચન મળ્યું હોય તેને જીવન બનાવવું છે. હવે સમય કેટલો છે ? તો મંડીએ ને પપ્પાજી રાજી થાય તેવું જીવન જીવી લેવું છે. આપણે પપ્પાજીના હૃદયના ધબકારા છીએ. તેમને આપણને શું આપવું છે ? રોજ વિચાર કરીએ કે તેમને આપવું હતું તે લઈ શકી ? આ વિચારીએ. ચીજ, વસ્તુ મળે છતાં જરૂરિયાત ના લાગે. એ એક પ્રાપ્તિ કહેવાય. પપ્પાજીએ હૃદયમાં સ્થાન લીધું છે. ને ઉત્તરોત્તર વધારતા જવું છે. હું સમજીને અનુભવથી કહું છું. જેમ જેમ મૂકતાં જઈએ તો તેમને જે આપવું છે તે આપી દે. જ્યોતિ ને તારા આ બંને બહેનો આપણા માટે આદર્શ છે. સોનાબા કેવા શૂરવીર કે આ કાર્યમાં ભળ્યા. તારાબેન રાંક દેખાય પણ જવાબ આપવાનો થાય તો સોલીડ ને વિવેકથી આપતાં એ તારાબેન. આપણે એકબીજાનો મહિમા સમજીએ. એટલે શું કે કોઈના ઘસારામાં પડીએ નહીં તે. બસ આપણે એક ભગવાન રાખવામાં છે.

પ.પૂ.દીદીના આશીર્દાન પછી સભાનું સમાપન થયું.

## તા.૧૫.૨.૨૦૨૬ : પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિનની ઉજવણી...

મહાશિવરાત્રિને જ્યારથી અક્ષરરાત્રિ નામ મળ્યું ત્યારથી એ 'અક્ષરરાત્રિ પર્વ' હંમેશા આત્માના તેજને પાથરતો રહ્યો છે. એવા બ્ર.સ્વ. જ્યોતિબેનના ૯૩મા પ્રાગટ્યપર્વ અને ૭૦મા સાક્ષાત્કાર પર્વની ઉજવણી તા.૧૫.૨.૨૦૨૬ના પપ્પાજી હોલમાં સાંજની ૪:૩૦થી ૮ની સભામાં કરી.

સભા સંચાલક પૂ.સ્મૃતિબેન દવેએ જ્યોતિબેનનું મહિમાગાન કર્યું. આજે શાશ્વત સંકલ્પને બળિયો બનાવવા પ્રભુનું ભાવિ બની પરાભક્તિ કરતા થવા પ.પૂ.જ્યોતિબેનના માહાત્મ્યને માણવા ભેગા થયા છીએ ત્યારે અક્ષરધામના ગુણ કેવા હોય ? તો અખંડ આનંદ કરો. Let him work. માહાત્મ્યેયુક્ત સેવા એ જે સિદ્ધાંત છે તે પ્રમાણે જીવવાથી પુણ્ય મળવાનું છે. ટીપે ટીપે સરોવર ભરાય તેમ છે. એવા જ્યોતિબેનની અલમસ્તાઈ, નવરાશની પળ જ નહીં. એ આપણા પથદર્શક બની રહ્યાં છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજે ગુણાતીત જ્યોતના દ્વાર પર લખ્યું 'જ્યોતિ ભવન', જ્યોતના ખૂણે ખૂણે જ્યાં સેવાનો પ્રવાહ વહે ત્યાં તે પહોંચી જાય ને સૌને અખંડ બ્રહ્માનંદથી ભરી દેતા. તેવા સ્થાનમાં જે આવે તે ગુણાતીત જ્યોત બનવાના જ છે. તેમાંના આપણે સૌએ જ્યોતિબેનનો ખૂબ લાભ લીધો છે અને હજુ વધુ લાભ લેવા ને એવા ગુણ ધારવા સૌ સમૈયો ઊજવી રહ્યાં છીએ.

એવા માહાત્મ્યની ભાવના સાથે પ.પૂ.જ્યોતિબેનને સ્વાગતભાવ અર્પણ થયા. સર્વ કેન્દ્રોમાંથી પધારેલ ભક્તોએ પણ ભાવાર્પણ કર્યા. પ્રથમ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.દીદીના આશિષ લીધા. ભક્તોના અનુભવદર્શનથી માહાત્મયસભર થયા. ભજનો દ્વારા સભર થયા. દરેક વક્તાની સ્મૃતિમાં પ.પૂ.જ્યોતિબેનની સ્મૃતિઓ છલકાતી હતી તેમાં ભીંજાઈએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** મહારાજ અનાદિ મુક્તોને સાથે લઈને પધાર્યા. બહેનો માટે બહેનોને પમાડે તેવા બહેનો પકવ્યાં. આપણે જે ધ્યેય માટે સાધના શરૂ કરી તે ધ્યેય જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેને પૂરું કર્યું. જ્યોતિબેન પાંદડુ થઈ ગયાં. મહારાજ જે કરાવે તે કરે છે. જ્યોત ને જોગીના થઈને ૧૦૦% વર્તે છે. પહેલેથી મનની અનુવૃત્તિ ગુણાતીત સ્વરૂપ સાથે જોડી દીધી. વિશ્વાસના અંગવાળાને એ સારું પડે. કહે એમ કર્યા કરે. ગોડ હેડ ડેવલપ થઈ ગયું. વીજળી જેવા સંત થઈ ગયાં. તેઓએ એક આદર્શ સ્થાપી દીધો. જ્યોતિબેનની જેમ સવારથી સાંજ સુધી માહાત્મ્યેયુક્ત સેવા અને પ્રભુને અંતર્યામી માનીને વર્તો તો મનનું અમન થઈ જશે.

સાચે રસ્તે પડ્યા છીએ. જરીક જાણપણું રાખીએ. વ્યાપકમાં મહારાજ જોતા થઈ જઈએ. એના ભરોસાપાત્ર બની જઈએ. પડછાયો બનીને જીવો ને તેના જેવા ગુણ પ્રાપ્ત કરો. એમના આગળ હૈયુ ને બુદ્ધિ બંધ કરો. બાપાની કેવળ કૃપા છે. સિદ્ધદશા પામવી હોય તો જાગ્રતતા રાખવી પડે. ગાફલાઈ છોડવી પડે. પંચામૃત પ્રમાણે જીવીને ધ્યેય સિદ્ધ કરી લઈએ તે જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આપણા સૌના વહાલા ને આદર્શ જ્યોતિબાનો પ્રાગટ્યદિન. માહાત્મ્યદિન ઉજવીએ છીએ. આનંદ થાય છે કે આપણને જ્યોતિબેન મળ્યા. કાકાજી, પપ્પાજી, બાએ છે.૨૬ જેવી બહેનો બનાવવાની આપણા પર બહુ જ કૃપા કરી છે. બધા જ ચૈતન્યોના આદર્શ જ્યોતિબેન, તારાબેન છે.

અમે સાધનામંદિરમાં સાથે સાધના કરતાં. જ્યોતિબેન સાવ જુદાં. એકવાર મારે સ્કૂલમાં રજા હતી. પપ્પાજીને એક વૈદની દવા ચાલતી હતી. ત્યાં દવા લેવા જવાનું હતું. મને રજા હોય ત્યારે પપ્પાજીની કથાવાર્તા સાંભળવાનું ગમે. મને પપ્પાજી કહે તું દવા લઈ આવ. મને તો દુ:ખ લાગ્યું. વાતો સાંભળવાનો સમય જ ન મળે. જવું તો પડ્યું. થોડીવાર થઈ ને મને ચંપલનો અવાજ આવ્યો. તે મને ખબર પડી ગઈ કે

આ જ્યોતિબેન છે. મેં કહ્યું, 'તમે કેમ આવ્યા ?' તો કહે, તમને આ સેવા પપ્પાજીએ આપી તો મને થયું કે આપણે સાથે હોઈએ તો તમને ગમે. વાતો કરતાં કરતાં પહોંચી જઈએ. આમ એમણે મારી સાથે સુહૃદભાવ રાખીને મને સાથ આપ્યો.

જ્યોતિબેન અને તારાબેનને જોઈને મને થયું કે મારે ભગવાન ભજવા છે. જ્યોતિબેન બહુ જ આનંદી. વઢવું હોય તો વઢી પણ નાખે. એકવાર મને વઢ્યા. ને થોડીવારે તો સરળતાથી કંઈક પૂછવા આવી ગયા એ જ્યોતિબેન.

આપણે બધા સાધકો છીએ. એકાંતિક ધર્મ સિદ્ધ કરવો જ છે. સદાય જાગ્રત રહી પપ્પાજી, કાકાજી, બાને રાજી કરવાનું ધ્યેય રાખીએ.

**પૂ.માધુરીબેન :** 'ગમી ગમી તારી મૂર્તિ ગમી ગઈ સૌને...' કાકાજી હંમેશા કહેતા, બા, બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન આપણે માટે આદર્શ છે. એમણે પહેલ ન કરી હોત તો આપણો નંબર જ ક્યાં હોત કોને ખબર ! આ ચાર બહેનોએ શોભાડ્યું.

ત્યારે તો આવું કાંઈ હતું નહીં. એમણે ભજનનો સહારો લીધો. એમણે તેલધારા વૃત્તિ અખંડ ભગવાનમાં રાખીને આ માર્ગ તૈયાર કર્યો. તો અત્યારે લહેજતથી સાધના થાય છે. સ્વરૂપો આપણા માટે ભજન કરીને દાખડો કરે છે. જ્યોતિબેને ૩ મહિના ભજન કરી ભરતભાઈને વાત કરી અમને ભગવા વસ્ત્ર આપ્યા. અમારા વ્રતધારણ વખતે બધા બહેનોએ પોતાનું માનીને જે કર્યું ને શોભાડ્યું તે કદી નહીં ભૂલાય.

જ્યોતિબેન નિર્દોષબુદ્ધિનું બુલબુલ. જ્યારે કાકાજી જ્યોતિ બની જવાલા એવું કહેતા હતા ત્યારે મેં વિચાર્યું કે એટલે શું ? તો ટોટલ સમર્પણ. રાંક બની જવાનું, વરાળ બની જવાનું.

એમનું જીવન જ સહજ. કોઈપણ સેંટરમાં જ્યોતિબેન જાય તો એમનું અનુસંધાન ઠાકોરજી ને ભક્તો જ હોય. અને ઠાકોરજીના હાર બનાવવા માટે માપ લેશે. કોઈ બીમાર હોય તો ત્યાં પહોંચી જાય. યોગિનીબેન બીમાર હતા ત્યારે જ્યોતિબેન આવ્યા ને કહે તમે તેમની સેવા કરી તો હું ખૂબ રાજી છું. આપણા માટે બધા જ સ્વરૂપો પ્રગટ છે. આપણને જવાબ આપે છે. આપણને એમ થાય કે આપણે સેવા કરીએ છીએ. પણ એ આપણી સેવા કરે છે.

અંતમાં ભજનની કડી 'જાગ્રતતા જાણપણું જીતવાની બાજી...' ગાઈને પ્રાર્થનાભાવ રજૂ કર્યા.

**પૂ.મંજુબેન મારડીયા (જૂનાગઢ) :** જ્યોતિબેન જૂનાગઢ આવ્યા તો કહે હું તારા ઘરે આવું છું. મેં કહ્યુ, મારું ઘર તો દૂર છે. તો ય આવ્યા. મેં રૂ.૧૧/– ધર્યા. તો ૧ રૂપિયો રાખીને ૧૦ પાછા આપ્યા. ને કહે કબાટમાં રાખજો. પછી કહે ઘર બાંધો ને તમારે ત્યાં બહેનો આવે. મેં કહ્યું, પૈસા તો નથી. તો જસુબેન કહે, આશીર્વાદ ઉડાડી ના દેવાય. ને મેં પાછો ખોળો ધર્યો ને કહ્યું કે લાવો આશીર્વાદ પાછા. તો જ્યોતિબેન અને જસુબેન ખુશ થઈ ગયા ને ખૂબ ધબ્બા માર્યા. ને એમણે પાછા આશીર્વાદ આપ્યા. ને ખરેખર સરસ ઘર થઈ ગયું. ને બહેનો પણ આવે છે. ને છોકરા બહેનોની સેવા કરે છે. એનો આનંદ છે. જ્યોતિબેન જેવા ગુરુએ આશીર્વાદ આપ્યા તેથી અમે આટલા સુખિયા છીએ.

મારા પતિ ચંદુભાઈ ધામમાં ગયા તો કહેતા ગયા કે સંતો, બહેનોની સેવા કરજો. રડતા નહીં. ને ખરેખર બળમાં રહેવાયું. ખબર જ ના પડી કે આવો પ્રસંગ બની ગયો છે. આવું મારું જીવન કોણ બનાવે ! મારા ગુરુ જ ને. તમારા બધાના આશીર્વાદ ને કૃપાથી અમે બધા સુખી છીએ. અમારે ખૂબ સેવા હજુય કરવી જ છે. ને અમે ગુણાતીતના ગામના છીએ તો તમારું શોભાડીએ તેવા આશીર્વાદ આપજો.

**પૂ.હીનાબેન રાજા (મુંબઈ) :** મને જન્મથી જ સત્સંગ મળ્યો. તો સારા સંસ્કાર મળ્યા. જ્યોતિબેનનું વર્ણન જ નથી કરી શકતી. એ મારું બધું જ છે. કાંઈપણ સારો કે માઠો પ્રસંગ હોય તો જ્યોતિબેન આવી જ જાય. પ્રસંગો તો આવે ને જાય છે પણ તમે મળ્યા છો તો પાર પડી જઈએ છીએ.

મારો દીકરો નાનો હતો ને પડી ગયો. બ્રેઈન ક્લોટ આવી ગયો. બેભાન થઈ ગયો. જ્યોતિબેનનો રાતે ફોન

આવ્યો ને કહે ખુશને કાંઈ નહીં થાય. રવિવાર હતો છતાં પણ ઓપરેશન થઈ ગયું. મને ચિંતા થાય કે એ બધી રીતે સારો રહેવો જોઈએ. જ્યોતિબેને જ્યોતમાં પણ બધા પાસે ધૂન કરાવી. જ્યોતિબેનની કૃપાથી બધુ સરસ થઈ ગયું. જ્યોતિબેનના દર્શને ખુશને લઈ ગઈ ત્યારે જ્યોતિબેન એને કહે, 'તું તો જતો રહ્યો હતો, હું તને લઈ આવી.'

તો હે જ્યોતિબેન ! તમને ગમે તેવું જીવન થાય, તમને જે ન ગમે તે મૂકી દઈએ એ જ પ્રાર્થના.

**પૂ.હસ્મિતાબેન પરમાર (મુંબઈ)** : નાનપણમાં મને બધા કહે કે તું ભાગ્યશાળી. મને નો'તુ મનાતું. પણ આ જોગ, જ્યોતિબેન, પપ્પાજી મળ્યા ત્યારે મનાઈ ગયું. ઘરની પરિસ્થિતિ નબળી હતી. સત્સંગ નહોતો. જ્યોતિબેન મારા ઘરે આવ્યા. ત્યારે મને કાંઈ સમજ નો'તી.

પછી નલિનીભાભી કહે, સભામાં આવજો. એકવાર હું ગઈ. ત્યાં 'સ્વામી શ્રીજીના સાક્ષાત્ સ્વરૂપો...' એ શ્લોક ગવાતો હતો એ મને ગમી ગયો ને હું એ ગાયા કરતી.

એકવાર મારા પતિ થોડી બંગડી લાવ્યા. તે પાડોશમાં વેચાઈ ગઈ. ધીમે ધીમે એ માલ લાવતા ને બધો વેચાઈ જાય. હું મારી દીકરીઓને સ્કૂલે મૂકવા જાઉં પછી ત્યાં બહાર બેસીને માલ વેચું. કોઈવાર નિરાશા આવે તો જ્યોતિબેનને યાદ કરું ને બળ મળી જાય. ધીમે ધીમે ઘર સારી રીતે ચાલવા માંડ્યું. મને એમ થયું કે હું જે શ્લોક વાગોળતી હતી તેમાં મને આ માર્ગ મળ્યો છે. આમ જ પ્રસંગે હિંમત હારી ન જાઉં એવું મને બળ આપજો.

એવી જ રીતે અમારું ઘર સારું નહોતું. હું પપ્પાજીના કેલેન્ડર સામે પ્રાર્થના કરતી કે ફ્લેટમાં જવું છે. મારું એક ભજન પણ તમને પહોંચ્યું હોય તો આ અશક્ય શક્ય કરી આપો. ને ખરેખર ભગવાનજીભાઈ, હરિભક્તઓની મદદથી અમે ફ્લેટમાં પહોંચી ગયા.

અંતમાં સેવા કરી લેવાની ભાવના સાથે ભજનની કડી ગાઈને પ્રાર્થના ધરી.

**પૂ.ભગવાનજીભાઈ ગજ્જર (મુંબઈ)** : ગુરુ મળે તો આપણું કામ થાય. એમના વગર જીવન જીવવું અઘરું છે. આપણે તો ભાગ્યશાળી ! જ્યોતિબેન અને પપ્પાજી મળી ગયા ! જ્યોતિબેન સર્વદેશીય ગુરુ. ઊંચ-નીચ કાંઈ જોયું જ નથી. ફક્ત કૃપા ને કૃપા. ફક્ત સ્વામિનારાયણ મંત્ર ને એમને ચીંધેલા માર્ગે ચાલીએ. આપણા મન, બુદ્ધિને દાબીને ભગવાનના માર્ગે ચાલીએ તે અશક્ય કામ પપ્પાજીએ કર્યું.

એમ કહેવાય કે રાજા, ચારણ ને વાણિયા, ચોથી નાનકડી નાર એ ચાર ભગવાન ન ભજે. જ્યારે આપણે ત્યાં બધાય છે. એ પપ્પાજીની કૃપાથી આ બધાય ભગવાન ભજે છે. એમના સંકલ્પે પવિત્રતા ચાલી રહી છે. પપ્પાજીના સંકલ્પે બધા આગળ જઈએ છીએ. આપણે એમના પ્રવચનો સાંભળીએ છીએ તે પ્રત્યે ધ્યાન રાખીએ. અંતમાં એમના કાયદે જીવન જીવી શકું, સેવા કરી શકું તેવી શુભ પ્રાર્થના છે.

**પૂ.ઋષભભાઈ મોદી (મુંબઈ)** : જન્મ સત્સંગમાં થયો પણ સભામાં જવું ગમે નહીં. મારા મમ્મી-પપ્પાને ચિંતા થાય. જ્યોતિબેનને વાત કરી. જ્યોતિબેન કહે, 'મહિનામાં એકવાર સભામાં જવાનું.' તેમાંથી અત્યારે દરેક સભામાં જાઉં છું. ન જવાયું હોય તો દુઃખ થાય છે. કંઈપણ મૂંઝવણ આવે તો એમને ઉપાયભૂત કરું છું એવું એમણે કરી આપ્યું છે.

મારે B.Sc. પછી M.Sc. કરવાનું હતું. મને જે કોલેજમાં જવું હતું તેમાં એડમીશન ના મળ્યું. બીજી કોલેજમાં લીધું. ત્યાં પહેલી કોલેજમાં એડમીશન મળ્યું. કોલેજમાંથી ફી પાછી આપવાની ના પાડે. નીરવભાઈને વાત કરી ને એમણે મહેનત કરી ને નિયમ પ્રમાણે ૫૦ દિવસની અંદર હોય તો ૩૦% ફી કપાઈને બાકીના પાછા મળી ગયા. જ્યોતિબાએ ૪૯મા દિવસે કામ કરી આપ્યું.

અમારું ઘર નીચાણમાં તેથી દર વર્ષે વરસાદનું પાણી આવે. જ્યોતિબેન ફોન કરે જ. એકવાર ખૂબ વરસાદ પડ્યો ને ફોન ન આવ્યો. તેથી અમને થયું કે જ્યોતિબેનનો ફોન કેમ નથી આવ્યો ? ત્યાં તો

જ્યોતિબેનનો ફોન આવ્યો. આમ સંભારતા જ હાજર થઈ જાય.

ફ્લેટ લેવો હતો તે પણ મળી ગયો. માન્યામાં નથી આવતું કે અત્યારે ૩ જગ્યાના માલિક કરી દીધા. તન, મન, ધનથી સેવા કરતો રહું, જ્યોતનું માહાત્મ્ય વધતું રહે એ જ પ્રાર્થના.

પૂ.દિનકરભાઈ શિકાગો : આ બધા સ્વરૂપ અક્ષરધામમાંથી આપણા માટે પધાર્યા છે. સોનાબાનું કુટુંબ એટલે ધર્મકુળ. જ્યોતિબેનને નાનપણથી સેવાનું અંગ. એક હરિભક્તને બાપાના દર્શન કરવા હતા ને જ્યોતિબેન લઈ ગયા. ને બાપાએ તેમનામાં શક્તિપાત કર્યો. તારાબેન, જ્યોતિબેને ભગવાન ભજવાનું શરૂ કર્યું. તેમાં દીદી, દેવીબેન જોડાયા. બહેનોનો સમુદાય બ્રહ્મરૂપ થઈ પરાભક્તિ કરે તે કાકાજી, પપ્પાજીના આશીર્વાદથી સાકાર થયો. અક્ષરધામનો સમાજ તૈયાર થઈ ગયો.

૨૦૧૦ માં અમે બોમ્બે હતા. જૈન હરિભક્તના ઘરે જૈન મુનિ આવેલા તેમને મળવા અમે ગયા. તેમની પરાવાણીમાં કહેવા પ્રમાણે મેં દૂધ બંધ કરેલું. જ્યોતમાં આવવાનું થયું. જ્યોતિબેનને મળ્યા. જ્યોતિબેન કહે, 'શું લેશો?' હું તો કાંઈ બોલ્યો નહીં. કોઈકે કહ્યું એ દૂધ નથી લેતા. જ્યોતિબેને પૂછયું, 'કેમ ?' કોઈકે આ અંગેની વાત કરી. જ્યોતિબેન કહે, 'જે ગાય-ભેંસનું દૂધ પીશો એનુંય કલ્યાણ થાય.' ને મેં ચા પીધી. મોટા પુરુષોમાંથી જે આવે તે બળ આપે છે.

જ્યોતિબેન યુ.એસ. આવતા ત્યારે જેને ત્યાં ઉતર્યા હોય તે તો જોબ પર ગયા હોય. તો જ્યોતિબેન એમના વાસણ ને ઘર બધું ચોખ્ખું કરી નાખે. દિવાળીની મોટી સફાઈ કરીએ એવી રીતે. એ પાછા આવીને પૂછે તો જ્યોતિબેન કહે 'દેવતાઓ આવીને કરી ગયા.' ૨૦૧૭માં છેલ્લે દિલ્હી પધારેલા. તો રાત્રે ૧૨ વાગે પૂરી બનાવવા પહોંચી ગયા. ભક્તોની સેવા કરવાનો ભાવ. અંદરથી સુહૃદભાવ. આવા દિવ્ય સ્વરૂપોના દર્શન મળ્યા તે મોટું ભાગ્ય છે. દીદીબાની તબિયત સારી રહે ને પપ્પાજીના પર્વે પાછા આવીએ તેવી પ્રાર્થના.

આશીર્દાન પ. પૂ. જયોતિબેન : વર્ષો પહેલા આજનો દિવસ હતો કાકાજી પૂજા કરતા હતા. હું જળ મૂકવા ગઈ. મને થયું કે લાવ ને પગે લાગું. તો કાકાજી કહે, હજી જ્યોતિ મરી નથી ?

અહીં આવ્યા પછી પપ્પાજી કહે શિવરાત્રિ નહીં, અક્ષરરાત્રિ બોલવાનું. ૧૯૬૭માં અમે ચારેય બહેનો શિવરાત્રિએ પ્રભુકૃપામાં ગયેલા. ત્યારે પપ્પાજીએ લખ્યું કે 'જે કોઈ વ્યક્તિ પ્રત્યક્ષના સંબંધમાં આવે તેનો વીમો ઉતરી ગયો.' આપણે તો બહુ નસીબદાર છીએ.

આપણે અહંતા-મમતા મૂકવી કેવી રીતે તેનું ટ્યુશન અહીંયા અપાય છે. મારે અહંકાર મૂકવો છે, શૂન્ય બનવું છે, વરાળ બનવું છે એ કરવાના સાધન અહીં છે. કોઈવાર આપણી વાહવાહ થાય. એ પણ જરૂરિયાતનું છે. જો ફટાકડો ન ફૂટે તો આપણો અહં ક્યાં ઉંચો થાય છે તે ખબર પડે નહીં.

આપણે મહારાજને ઓળખ્યા પણ કાકાજી, પપ્પાજી, બા જેવા સત્પુરુષ ન મળ્યા હોત તો ન સમજી શકીએ. હું ખોટો ને તમે સાચા એ એમણે શીખવ્યું. બાપાએ બહુ સુંદર કર્યું કે એવા સ્વરૂપો પકવીને આપ્યા. જ્યાં છીએ ત્યાંથી આગળ જવાનો રસ્તો બતાવે તે સત્પુરુષ.

આપણે ગુણાતીતની ભાંગ પીધી છે તે એની મૂર્તિમાં ઘેલા છીએ. પૂર્ણ મળ્યા છે ને પૂર્ણ કરીને મૂકશે. તમને સુખ, શાંતિ, આનંદ આપશે પણ એનો સિધ્ધાંત પકડી રાખજો. આપણે અંતર્દ્રષ્ટિ કરવાની છે. પ્રસંગ કેમ આવ્યો ? એ મુક્તમાં મહારાજ નથી જોયા એટલે. સંબંધવાળા મુક્તો બધાયને માથાના મુગટ મનાઈ જાય તેવા આશીર્વાદ કાકાજી, પપ્પાજી, બા, બેન, બધા સ્વરૂપો આપે એ જ પ્રાર્થના.

અંતમાં અંતરમાં આ પ્રાપ્તિના વિશ્વાસ ને નિષ્ઠાનો એક સાદ વહેતો કે 'મળ્યા છે એ પૂર્ણ છે ને પૂર્ણ કરવા મંડ્યા છે ને કરશે જ...' આપણે એમના આશીર્વાદ લેતા રહીએ. તેવું જીવન જીવવાનો સંકલ્પ કરી સભાનું સમાપન કર્યું.

## તા.૧.૩.૨૦૨૬ : પ.પૂ.નરસિંહ ફુવાના શતાબ્દી ઉત્સવની ઉજવણી...

ગુરુહરિ પપ્પાજી મહારાજના યુગકાર્ય સ્વરૂપ ગૃહસ્થ સાધુ પ.પૂ.નરસિંહ ફુવાનો શતાબ્દી ઉત્સવ તા.૨૧.૨.૨૬નો દિવ્ય આનંદ તા.૧.૩.૨૦૨૬ના ગુણાતીત જ્યોતના પપ્પાજી હોલમાં સંયુક્ત સભામાં માણ્યો. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિના, બ્ર.સ્વ.યોગીજી મહારાજની કૃપાના અને ગુરુહરિ પપ્પાજી મહારાજની પ્રત્યક્ષ નિષ્ઠાના સુપાત્ર ગુણાતીત સમાજના ભક્તરાજ પ.પૂ.નરસિંહ ફુવા. મૂળે સરદારગઢના વતની અને કર્મભક્તિ મહારાજની પ્રસાદીના ગામ માણાવદરમાં. જેને શ્રી યોગીજી મહારાજ ગોકુળિયુ ગામ કહેતા. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ પામી સ્વામિનારાયણ ધર્મની ભક્તિના સંસ્કારે ગુણાતીત સ્વરૂપો પ.પૂ.કાકાશ્રી, પ.પૂ.પપ્પાજી, પ.પૂ.સોનાબા, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.દીદીના જોગમાં આવ્યા ને તેઓની પ્રસન્નતાના પાત્ર બની, ગુણાતીત જ્યોતના માવતર બન્યા. સહકુટુંબ લડતવિહોણો સાથ આપી એક આદર્શ સ્થાપ્યો એવા નરસિંહ ફુવાને શતાબ્દી ઉત્સવે કોટિ કોટિ વંદન. ગુણાતીત સમાજમાં આ ચોથુ સ્વરૂપ શતાબ્દી પૂર્ણ કરે છે. પ.પૂ.દીદીની પ્રેરણાથી આ ઉત્સવ માહાત્મ્યસભર ઉજવાયો તેનો સ્મૃતિ આનંદ માણીએ.

હજુ તો શતાબ્દીનો પ્રારંભ થયો તે ઉજવણી સ્મૃતિપટ પર પથરાયેલી હતી ને આજે ફરી એ શતાબ્દી પૂર્ણાહુતિએ જાગ્રત કરી ગઈ. પપ્પાજી હોલમાં સ્વાગત પથ પર સ્વાગતરથમાં ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ સાથે પૂ.નરસિંહ ફુવાએ આસન ગ્રહણ કર્યું. તેમનો ખૂબ આભાર માનતા પ.પૂ.હંસાદીદી રચિત પ્રાપ્તિના, મહિમાના આનંદની હેલી વહાવતા વિદ્યાનગરના પપ્પાજી ગ્રુપના ભાઈઓએ સ્ટેજ પરના ઠાકોરજી અને સ્વરૂપો, મુક્તોને વંદન કરી સૌની ભાવનાને હારોહાર લેતા સ્વાગત રથ પર બિરાજમાન પ્રભુનું નિમિત્ત સ્વરૂપ પ.પૂ.ફુવાને વધાવ્યા, હાર અર્પણ કર્યાં.

સભા સંચાલિકા પૂ.સ્મૃતિબેન દવેએ મહિમા દર્શન કરાવ્યું કે, આપણા કેલેન્ડરમાં ૧લી માર્ચનું વાક્ય છે કે આજે સંકલ્પ કરીએ કે ૨૪ કલાક આનંદમાં જ રહેવું છે. તો એ આનંદ કેવો હોવો જોઈએ ? તેનું પ્રત્યક્ષ દર્શન, ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ પનારા રચિત સંવાદ નાટિકા **'પૂર્ણ સમર્પણની ગરિમા'** દ્વારા માણી. આ સંવાદમાં સાચા સાધુનો આનંદ, જીવન, સુખ, શાંતિ જે સર્વને ઉપયોગી પ્રેરણાદાયી ભાવે રજૂ થઈ. ભાવ સન્માન થયા ને સ્વરૂપોએ સ્વઆસન ગ્રહણ કર્યાં.

ગુણાતીત જ્યોત, ગુણાતીત પ્રકાશ, કુટુંબ પરિવાર, તથા દેશ – પરદેશના મંડળો વતી અનેક મુક્તોએ વિધ વિધ હાર, બુકે, શાલ, કેક, સ્મૃતિભાવ અર્પણ કર્યા. ગુણાતીત પ્રકાશ પૂ.અલ્પેશભાઈ રચિત 'શતાબ્દી ઉજવીએ આનંદે સૌ...' મહિમાસભર ભજન સુરતના યુવક પૂ.અંકિતભાઈએ ગાયું. સભામાં થયેલ મહિમાગાન અને આશિષવર્ષાના ભાવોને સ્મૃતિમાં વણી લેવા સારનો સ્વાધ્યાય કરીએ.

**આશીર્દાન પ.પૂ. દીદી :** રળીફોઈ અને નરસિંહ ફુવા આદર્શ, સમર્પિત ગૃહસ્થ. પહેલીવાર૧૯૬૩માં માણાવદર તેમના ઘરે ગયા ત્યારે આખું ઘર અમને સોંપી દીધું. જોગીબાપાની જ્યંતી ઉજવવાની હતી ને ત્યાં પધારવાના હતા. અમે ચારેય બેનો હતા. જોગીબાપાની રસોઈ અમે ત્યાં બનાવતા. ઘરના રસોડાનો દરવાજો નીચો હતો. એક બેન ત્યાં ભટકાઈ ગયા. ફુવાએ ત્યારે જ દરવાજો કરવત લઈને થોડો કાપી નાખ્યો. હું તો જોઈ જ રહી. ત્યારે એમ થયું કે, પપ્પાજીએ આ ઘર ઉતારા માટે તો પસંદ કર્યું પણ આ કુટુંબ ઊંચામાં ઊંચી માહાત્મ્યની ટોચ ઉપર બિરાજમાન છે.

બેનીબેન માટે ત્યારે પપ્પાજીએ કહ્યું હતું કે, એ ભગવાન ભજશે. મોટા દીકરા સાધુ થયા ને પૌત્ર પણ વ્રતધારી બન્યો. અંતરમાં સમર્પણની ભાવના હોય ને તે સાકાર થાય તેવું જીવન ફુવાનું મેં જોયું છે. ક્યારેય તેમાં ફરક નથી પડ્યો. આજે તો ફુવાનો લાભ લેવો છે.

**પૂ.પ્રતિક્ષાબેન :** દીદીના સંકલ્પે ફુવાનો શતાબ્દી ઉત્સવ ઉજવી રહ્યા છે. પપ્પાજી, કાકાજી, બાએ શ્રમ કરીને આવા સ્વરૂપો, ભક્તો, ને એકાંતિક ભક્તો તૈયાર કર્યા. એમણે જે બીજ રોપ્યા તેનું વટવૃક્ષ ઊભું થયું છે. ફુવા માણાવદર હતા ત્યારે જમવા બાબત કોઈ ગમો-અણગમો નહીં. તેમની દિનચર્યામાં કોઈ દિવસ ફેર નહીં. કોઈ આવે તેની સાથે મહિમા ગાય. ત્યારે ખ્યાલ આવે કે પપ્પાજીએ કેવું ઘડતર કર્યું ! જ્યોત ને જોગીના થઈને ફુવાએ સેવા કરી છે તો તેમની આગળની પેઢીમાં પણ એ જ ભાવના આવી છે.ફુવાએ પોતાનું સમર્પણ કર્યું છે. પોતાનું અલગ કાંઈ રાખ્યું નથી. તેમ અમે પણ કોઈ ગણતરી, આવરણ રાખ્યા વગર સંબંધ જોઈને ગરજ રાખીને સેવા કરીએ તે જ પ્રાર્થના.

**પૂ.ઈલાબેન પરસાણિયા (જૂનાગઢ) :** બધા ડૉક્ટર, ભાઈઓ, બેનોનો ખૂબ આભાર. ફુવા બીમાર પડ્યા તો કહે મારે હવે નથી રહેવું. દીદી કહે ના ફુવા તમારી શતાબ્દી ઉજવવી છે. તો ફુવાએ ઠરાવ મૂકી દીધો. તો આજે દીદીના સંકલ્પે આ સરસ સમૈયો ઉજવાયો. ફુવા સાથે રહેતા તો કોઈ દિવસ ફરિયાદ ચીડ-ગુસ્સો નથી કર્યા. એકદમ રાંકભાવ. મને પણ ખૂબ સાચવી છે. તેમને જમાડવાની ભાવના તો એકદમ ઉત્તમ.

પપ્પાજીએ જ્યારે કહ્યું કે, મારે અહીં જ્યોત કરવી છે તો ફુવાએ તરત હા પાડી દીધી. અમને પપ્પાજીએ પૂછ્યું ને અમે પણ હા પાડી દીધી. તો પપ્પાજી રાજી થઈ ગયા. ને કહે તમારે કાંઈ ચિંતા નહીં કરવી પડે. ને ખરેખર અમારે કાંઈ કરવું પડ્યું નથી. કોઈ વાતની ચિંતા કરવી પડી નથી. બાપુજીએ જે શ્રમ ને સેવા કરી છે તેનું ફળ અમે ભોગવીએ છીએ. પપ્પાજીના કાયદે જીવીએ તો કાંઈ માંગવું નથી પડતું. પપ્પાજી અને સ્વરૂપોની કૃપા છે. નસીબમાં નહોતું એ પપ્પાજીએ આપ્યું છે. બાપુજીએ હંમેશા પપ્પાજીને આગળ રાખીને બધું કર્યું છે. એમણે જેવી સેવાની ગરજ રાખી એવી અમે પણ રાખીએ. અમને દેહભાવ આડો ન આવે, તમારા સંકલ્પ પ્રમાણે સંપ, સુહૃદભાવ, એકતાથી અમે જીવતા થઈ જઈએ.

**પૂ. કાજલબેન પરસાણિયા (વિદ્યાનગર):** દાદાના ઘરમાં પૌત્રવધુ થઈને આવવાનું સૌભાગ્ય મળ્યું. પપ્પાજી ભગવાનનું સ્વરૂપ કૃપામાં મનાઈ ગયું. શરૂઆતમાં હું જ્યોતમાં ૫-૬ કલાક રહી સેવા - સમાગમનો લાભ લેતી. પ્રસંગોમાં પપ્પાજીને ઉપાયભૂત કરવાનું ઉગ્યું.

એકવાર કેરીની સીઝનમાં દાદા કહે જ્યોતિબેનને ૪ કેરી આપી આવજો. દાદા વારે વારે પૂછે કે જ્યોતિબેનને મળ્યા ? આમ આવું જતન કરીને શીખવ્યું કે સ્વરૂપોની નજીક કેમ અવાય, તેમની રુચિ કેમ જણાય ? દાદા મને મળવા ઘરે આવે. દાદા કોઈને કથાવાર્તા ન કરે પણ મને ઘણી બધી સૂઝ આપી છે.

મારા હાથમાં ડાઘ શરૂ થયા ત્યારે મને દુઃખ થતું હતું. દાદાને ખબર પડી. એ કહે કે આપણે જ્યોતિબેન-તારાબેનની સ્મૃતિ કરવાની, દુઃખી નહીં થવાનું. દાદા મારું ખૂબ જતન કરે છે. મારી જે કોઈ ઈચ્છા હોય તે દાદા પૂરી કરે જ. અમને થાય કે આ સ્વરૂપો જો દાદાને સ્ટેજ પર પોતાની લાઈનમાં બેસાડતા હોય તો અમારું વર્તન કેવું હોવું જોઈએ તે જીવનમાં રાખીએ. અમારા સ્વભાવ - પ્રકૃતિ આડા ન આવે અને સેવા કરીએ. અમારી આ ચોથી પેઢીએ સવાયો સત્સંગ થાય તેવી કૃપા કરજો. દાદા બહુ ભલા ને નિર્માની છે તેમને સાજા સારા રાખજો. અમે પપ્પાજીનું કાર્ય બની રહીએ એ જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.ઈલેશભાઈ :** ખૂબ આનંદ થયો. બ્રહ્મજ્યોતિથી અમે માણાવદર જતા ત્યારે આખી પરસાળ કેરીથી ભરે અને બધાને ખૂબ કેરી જમાડે. ફુવા કોઈપણ બાબતમાં જ્યોતિબેનને પૂછીને કરે. તેમના અંતરમાં પપ્પાજી દ્રષ્ટા તરીકે બેઠા પછી તેમની આવકનો ૧૦મો ભાગ ચોક્કસપણે આપી જ દે.

તેમની દિનચર્યા જોઈએ તો સવારે પરવારીને મહાપૂજા પોતે આખી બોલે ને કરે. ત્યાર પછી ધૂન, સ્વાધ્યાય કરતા હોય. અમારી સાથે હળે મળે. પછી પાછા સ્વાધ્યાય ધૂન કરે. સાંજે હોલમાં આવીને બેસીને

ધૂન જ કરતા હોય. આરતી, ધૂન કરી જમે ને પાછું વાંચન. પ્રભુમય જીવન છે. આવા સત્પુરુષોની ધૂનના પ્રતાપે અમે આનંદમાં રહીએ છીએ.

દીદીએ પોતાના સંકલ્પે ફુવાને રાખ્યા. તો આજે તેમના માહાત્મ્યનો મહેરામણ માણવા મળ્યો. દીદીએ કહ્યું, માહાત્મ્યની ટોચ પર બેઠા છે. એક રહેણીનું જીવન. એકદમ સાહજિક જીવન. ખમવાનું તો રોમરોમમાં છે. મહા એકાંતિક પરમ ભાગવત સંતનો શતાબ્દી પર્વ ઉજવવાનો અમને ખૂબ આનંદ છે.

આજે ફુવા આશીર્વાદ આપજો. દીદીએ નિશાન આપ્યું છે તેવું પપ્પાજીનું કાર્ય બની રહીએ એવા અમારા વિચાર, વાણી, વર્તન બની જાય એ જ પપ્પાજી અને સ્વરૂપોના ચરણોમાં પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.સુરેશભાઈ :** ફુવાએ પોતાની જીંદગી સમય બગાડ્યા વિના બેસ્ટ કરી છે. બધું જ સમયસર કરે એ ફુવા. અખંડ પ્રભુમય જીવન. તેમણે જીવનમાં બાપા– પપ્પાજી સિવાય કશુંય રાખ્યું નથી. એ આપણા સૌ માટે આદર્શ છે. ખૂબ બુદ્ધિશાળી છે. જ્યાં સુધી પર થયા નથી ત્યાં સુધી સામા મુક્તો વપરાશે તેવું માર્ગદર્શન આપ્યું છે. ફુવાની સેવા અતુલભાઈ ખૂબ મહિમાથી કરે છે તે તેમને વારસામાં આપ્યું છે. સ્વરૂપોએ જે વચન આપ્યા તે ફુવાએ ૧૦૦% જીવનમાં પાળ્યા. ધન્ય છે નરસિંહ ફુવાને. અમે સૌ સાધકો તમને તથા સ્વરૂપોને હાશ કરી દઈએ તેવી પપ્પાજી તેમજ દીદીને પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.વિરેનભાઈ :** ખરેખર ખૂબ ખૂબ ધન્યવાદ અપાય છે પ.પૂ.દીદીને. જે આજે ઉલ્લાસ, આનંદ છે તે દીદીને આભારી છે. ફુવા હાલતા–ચાલતા છે એ પપ્પાજી – દીદીની કૃપા. ફુવા ૧૦૦ વર્ષની ઉંમરે ટેકા વગર ટટ્ટાર બેસી શકે છે. જનરલ ડાયેટ જ જમે છે. તેમણે તનનું જતન કર્યું છે. ફુવા ડ્રાઈવીંગ કરીને બહેનોને વિચરણમાં લઈ જતાં. એ વારસો અતુલભાઈએ સામેથી લીધો તેવું પ્રાર્થનાથી જતન કર્યું. ને અતુલભાઈ ડ્રાઈવીંગની સેવા મહિમાથી કરી રહ્યા છે તે ફુવાનો પ્રતાપ છે.

અમે માણાવદર જતા ત્યારે ફુવાને જાતે બધું કરતા જોયા છે. જૂનું જે ઘર હતું તેમાં પપ્પાજી માટે રૂમ બનાવી તેનું ચણતર, સુથારીકામ બધું તેમને જાતે કરતા જોયા છે. વર્તનથી બધાને પ્રેરણા કરી રહ્યા છે. તે મૌન રહે છે, દર્શન આપે છે, પણ કોઈને શિખામણ આપતા નથી. એ બહુ મોટી પ્રાપ્તિની વાત છે. જે કંઈ જુવે તેમાંથી નેગેટીવ નહીં પણ પોઝીટીવ જ જીવનમાં રાખે. ફુવાનો મહિમા અંતરના વિશે સમાશે તે આપણો ગુણ બની જશે. દીદીએ ફુવાનો શતાબ્દી પર્વ ઉજવવાનો સંકલ્પ કરેલો ને આજે ઉજવાઈ રહ્યો છે. તો આજે આપણે એવો સંકલ્પ કરીએ કે, દીદી હાલતાં ચાલતાં તંદુરસ્ત હોય ને આપણે ભેગા મળીને દીદીબાનો શતાબ્દી ઉત્સવ ઉજવીએ.

**પ.પૂ.નરસિંહ ફુવા :** દીદીની મારા પર ખૂબ કૃપા છે. એનો અંત આવે તેમ નથી. ૧૯૬૩થી પપ્પાજીએ, દીદીએ સામેથી ગ્રહણ કર્યા છે એટલે મારે કોઈ ચિંતા રહી નથી. હું તો નિમિત્ત છું. કર્તાહર્તા પપ્પાજી છે. ૧૯૬૩ થી બધું જ કામ પપ્પાજી દીદીએ જ કર્યું છે. હું તમારો ને આ મકાન તમારું તેવું ત્યારે અંતરમાં થઈ ગયેલું ને પપ્પાજીએ અંગીકાર કરી લીધો. એટલે જીવનમાં કંઈપણ આવે પણ તેમાં સુખ–દુ:ખ ના થાય તેવું તેમણે જ કર્યું છે. વચ.ગ.મ. ૧૩ દીદીએ કાઢ્યું ને પપ્પાજીએ સમજાવ્યું. એટલે મને દીદીએ પપ્પાજીને ઓળખાવ્યા છે. આ પ્રતાપ મોટા પુરુષોનો છે. આપણે મોટા થવું નથી, પ્રભુના સેવક થવું છે. ગુરુ રાજી થાય તેવા સૌને બળ, બુદ્ધિ ને પ્રેરણા આપે એ જ પ્રાર્થના.

**પૂ. શાંતિભાઈ ચપલા (જૂનાગઢ) :** નરસીફુવા એટલે સંકલ્પનું સ્વરૂપ. ફુવાએ અમને પ્રેમ આપ્યો છે ને માર્ગદર્શન ખૂબ આપ્યું છે. માણાવદર મંડળના મુક્તો આનંદમાં છીએ ને મહિમાથી સેવા કરીએ છીએ તે ફુવાનો પ્રતાપ. ફુવાએ જોગીબાપાની સેવા કરી છે. ઘરમાં સંડાસની વ્યવસ્થા નહોતી તો વાસણમાં સગવડ કરી આપેલી. ફુવાને એ જોગીબાપાનો કેવો મહિમા ફુવાને હશે તેનું દર્શન થાય છે. ફુવાએ અમારા માટે માળા કરી છે ને અમને પ્રસંગોમાં માળાનો ઉપાય લેવાનું

શીખવ્યું છે.

દીદી, અમારું મંડળ નાનું છે. આપ રૂડા આશીર્વાદ આપો કે, સંપ, સુહૃદભાવ, એકતાથી જીવીએ. અમારા મંડળના મુક્તો બીજા-ત્રીજાની માથાકૂટમાં પડતા નથી પણ માનસિક રીતે પણ માથાકૂટ ના થાય ને બધા દેહથી સાજા રહે. જે આ યાત્રા વખતે સેવા આપી તેવી અમને આપતા રહેજો. ને ફુવાએ જે રીતે સેવા કરી છે એ માર્ગે ચાલીએ એવી પ્રાર્થના.

પૂ.હરિભાઈ મારડિયા (માણાવદર) : ફુવાનું જીવન અમે જોયું છે. બચપણથી તેમની સાથે રહ્યાં છીએ. નજીકથી તેમનું જીવન માણ્યું છે. યોગીજી મહારાજે ફુવા ને પુરાણી બાપાને સામેથી કહ્યું કે, અમારે તમારા ઘરે આવવું છે. ને પધાર્યા ને બાપાનો ઉત્સવ માણાવદરમાં ઉજવાયો. એવા બાપાની દ્રષ્ટિવાળા ફુવા છે. ને બાપાએ કહેલું કે, આ ઘર તો અમારું છે. એવા આશિષ પામેલા એ આ ફુવા છે. તેમની દ્રષ્ટિ કેવળ બાપા, કાકાજી, પપ્પાજી, બા તરફ જ રહી છે. સંતો બનાવવાના યોગીજીના કાર્યમાં અપમાનો સહન કરીને બાપાની રુચિમાં ભળી ગયા. બહેનોનું કાર્ય આવ્યું તો એમાંય ભળી ગયા. ફુવાને પ્રલોભન આવ્યા પણ લેવાયા નથી. ફુવા કોઈની ગાડીને હાથ ફેરવે ને તેમનું કામ સરસ ચાલે તોય આલોકમાં લોભાયા નથી. અમને સત્સંગમાં ડૂબાડૂબ રાખ્યા છે. ફુવાજી ઉત્તમ જીવી ગયા તેવું અમે જીવીએ ને અમારા કુટુંબીજનોમાં પણ એ ભાવના રહે એ જ પ્રાર્થના.

ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ : માહાત્મ્યની ટોચ પર ફુવા બેઠા છે. ફુવામાં અહંકાર નથી. ગુણાતીતભાવના દર્શન થાય છે. નિર્લેપ છે. પ્રભુનું યંત્ર બનીને સ્વાગત સ્વીકાર્યું. એ સ્વભાવ રહિત સ્વરહિતનું જીવન કહેવાય. આપણે બધા આ જ માર્ગે છીએ. સાચો સાધુ કોણ ? તો નરસી ફુવામાં તે દર્શન થાય છે. તેમનું ઉત્તમ જીવન છે. સાધુતાનું દર્શન થાય છે. પ્રત્યક્ષ સ્વરૂપનો મહિમા તેમના જીવનમાં ખૂબ છે. ફુવાએ અમારા ચારના (હું, ઈલેશભાઈ, સુરેશભાઈ, વિરેનભાઈ) હાથમાં હાથ રખાવીને કહેલું કે, તમે સંપ, સુહૃદભાવ, એકતાથી જીવો અને જીવાડો. એવું અમે જીવીએ. ફુવા ખરેખર આદર્શ છે. ૧૦૦ વર્ષે કોઈ માંગ નથી. ભગવાન સિવાય કોઈ આધાર નથી. પ્રસંગોમાં પપ્પાજીનું કર્તાહર્તાપણું માન્યું છે. જેટલો સમય અમારી પાસે છે તેમાં ફુવા, તમારા જેવી જાગ્રતતાથી જીવવાનું બળ આપજો. ફુવા, તમે જે અમને આદેશ આપ્યો છે તે અમે કરી શકીએ તેવા આજે આશીર્વાદ આપજો.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : ખૂબ આનંદ થયો. ગૃહસ્થો માટે એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવાનો માર્ગ જોગી મહારાજે શરૂ કરી આપ્યો. પરિણામે વિદ્યાનગરમાં ગુણાતીત જ્યોત ખોલી. ત્યાં ભગવત્ સ્વરૂપ બેનો બા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન જેવા ૩૦ ગુણાતીત સ્વરૂપો બાપાએ તૈયાર કર્યાં. ગૃહસ્થો પણ તેમના જેવું જ સુખ ભોગવતા થાય એ બાપાએ મેદાનમાં મૂક્યું. તેમના વચન પ્રમાણે જીવન જીવીએ તો બળ આપવા તો એ બેઠા છે, મહાપૂજા, પ્રાર્થના કરે છે.

કલ્યાણ તો સ્વામિનારાયણ ભગવાન મળ્યા એટલે તરત થઈ ગયું. કલ્યાણ કરવું હોય તો ગુણાતીત સત્પુરુષનો પ્રસંગ કરી લઈએ. તેમની પાસે બે હાથ જોડી કહે એમ કરી લઈએ. અત્યાર સુધી બહેનોમાં આવું કલ્યાણ કોઈએ નથી કર્યું. મહારાજ વચ. છે. ૨૬માં લખી ગયા તે જોગ અત્યારે ઊભો થઈ ગયો. તે સાકાર જોઈએ છીએ. વચ.છે.૨૬ જેવા સ્વરૂપો બેઠાં છે. તેમના વચન પ્રમાણે જીવીએ તો તેમના જેવા ગુણ આવી જશે. ભલે ગૃહસ્થ રહ્યા. ઘર વ્યવહાર સાથે અક્ષરધામમાં જવાય. અક્ષરધામનું સુખ છતીંદેહે પમાય. નિરંતર ભગવાનના માહાત્મ્યમાં રહેવું છે. માહાત્મ્યેયુક્ત સેવા, સમાગમ, સ્મૃતિ, સુહૃદભાવ રાખીને જીવન જીવતા થઈ જઈએ. તેવું જીવવાનું બળ મળી જાય એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

પ.પૂ.દીદીએ શાશ્વત ધામની ગુરુહરિ પપ્પાજી મહારાજની આરસની નાની મૂર્તિ સ્મૃતિભેટરૂપે ફુવાને અર્પણ કરી. ત્યારબાદ ફુવાના પરિવાર તરફથી મહાપ્રસાદ સૌએ ગ્રહણ કર્યો.

### બ્રહ્મલીન

**★ કંથારિયા મંદિરના પૂ.શ્રીજીજીવન સ્વામી તા.૧.૩.૨૦૨૬ના બ્રહ્મલીન થયા છે.**

શ્રીજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોના ચરણથી પાવન થયેલા માણાવદર તીર્થધામે તેમનું પ્રાગટ્ય થયું. તેઓના પિતાશ્રી એકાંતિક મુક્તરાજ જેરામભાઈ દેવશીબાપાના યોગમાં રહી સત્સંગપ્રધાન જીવન જીવતા. તેઓને ધાર્મિક વાતાવરણ



નાનપણથી મળેલું. શ્રીજીજીવન સ્વામીને સૌ પ્રથમ શ્રી કાકાજી સાથે આત્મીયતા બંધાઈ. શ્રી કાકાજી દ્વારા શ્રી યોગીજી મહારાજના દર્શન થતા જ ચૈતન્ય ભેદાઈ ગયો ને શ્રી યોગીજી મહારાજ પ્રત્યે સમર્પણભાવ દ્રઢ થતો ગયો. માણાવદરના આદર્શ મહા એકાંતિકો પૂ.દેવશીબાપા, પૂ.હરિભાઈ સાહેબ, પૂ.નરસિંહ ફુવાના યોગમાં રહી સત્સંગપ્રધાન જીવન જીવ્યા.

શ્રી યોગીજી મહારાજનો ૫૧ સંતો બનાવવાનો સંકલ્પ હતો તેમાં પોતે સાધુ થવા જોડાઈ ગયા. ઈ.સ. ૧૯૬૧માં પ્રથમ ૫૧ નવયુવાનોને દીક્ષા આપી તેમાંના આ શ્રીજીજીવન સ્વામી. સાધુ થયા બાદ યોગીજી મહારાજની આજ્ઞાએ શ્રી કાકાજી, શ્રી પપ્પાજી, પ.પૂ.મહંતસ્વામીનો સમાગમ કર્યો. તેઓ વિચક્ષણ, બુદ્ધિશાળી, શૂરવીર, સ્વધર્મનિષ્ઠ ને સ્વરૂપનિષ્ઠ હતા. કોઈપણ પ્રશ્નનો ઉકેલ પ્રભુબળે સરળતાથી લાવતા. જીવનમાં પ્રસંગો આવ્યા પણ ક્યારેય તેમની આધ્યાત્મિક સ્થિતિ ચલાયમાન થઈ નથી. તેમના જીવનમાં નિયમ, નિશ્ચય, પક્ષ ને નિર્દોષબુદ્ધિ જેવા પાયાના ગુણ દ્રઢ હતા. જ્યારે જે મળે તે સહજતાથી સ્વીકારી લેતા. પ્રભુ સિવાય ક્યાંય બંધાયા નથી. તેમનું રોજીંદું જીવન ખૂબ નિયમિત. ધૂન, ભજન, પ્રાર્થના, સ્વાધ્યાય કરતા. ઠાકોરજીની, સંતો, હરિભક્તોની સેવા દેહ–દેહભાવ ગણ્યા વગર મહિમાથી કરી છે.

ઈ.સ.૧૯૬૬માં ગુણાતીત સમાજની રચનામાં જોડાયા. સાંકરદા, સોખડા રહ્યા. શ્રી કાકાજી મહારાજ, શ્રી પપ્પાજી મહારાજ, પ.પૂ.હરિપ્રસાદસ્વામીજી, પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજીમાં શ્રી યોગીજી મહારાજનું દર્શન કરી, તેમની આજ્ઞાએ જીવ્યા. તેઓને લોક, ભોગ, દેહ, પક્ષની કોઈ માન્યતાઓ આડી આવી નથી.

પ.પૂ.વિજ્ઞાનસ્વામી સાથે કંથારિયા મંદિરે રહી નાના મોટા કાર્યોમાં સાથ આપી સ્વરૂપોનો રાજીપો પ્રાપ્ત કર્યો છે. ગુરુહરિ પપ્પાજી મહારાજના વચન અધ્ધર ઝીલીને જીવ્યાં છે. ખરેખર સાધુતાભર્યું જીવન જીવ્યા ને જે જે સંબંધમાં આવ્યા તેઓને પણ સત્સંગમય જીવન જીવવાની પ્રેરણા આપી છે. આદર્શ જીવન દ્વારા પ્રભુમય સૌરભ પ્રસારી ગયા. એવા શ્રીજીજીવન સ્વામીને કોટિ કોટિ વંદન છે.

તા.૧.૩.૨૦૨૬ના રોજ તેઓની અંત્યેષ્ઠિ વિધિ હરિધામ સોખડામાં કરી. અને તા.૮.૩.૨૦૨૬ના તેઓની ત્રયોદશીની મહાપૂજા કંથારિયા તીર્થસ્થાને, પ.પૂ.સંત ભગવંત સાહેબદાદા અને પ.પૂ.વિજ્ઞાનસ્વામીના સાંનિધ્યે પૂ.ઈલેશભાઈએ વિધિસર કરી. ત્યારબાદ સ્વરૂપોના આશિષ લઈ શ્રીજી જીવન સ્વામીના જીવનકાર્યનું દર્શન માણ્યું.

### પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ પાર્લાના ભક્ત પૂ.રસીલાબેન એમ. ત્રિવેદી તા.૧૭.૨.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**



પૂ.રસીલાબેન તેમના બેન પૂ.રજનીબેન દવે થકી સત્સંગના જોગમાં આવ્યા. પૂ.વિમળાબેન મોદી સાથે ઓળખાણ હોવાથી જ્યારે બહેનો મુંબઈ પધાર્યા ત્યારે દર્શન કરવા આવ્યા. પ્રથમવાર જ પ.પૂ.દેવીબેનનાં દર્શન કર્યા ને તેમના માટે ગુરુભાવ દ્રઢ થઈ ગયો. ત્યારથી જીવનના સારા માઠા પ્રસંગે દેવીબેનને વાત કરતાં અને તેમના વચને ગુરુહરિ પપ્પાજી મહારાજનો આશરો દ્રઢ રાખી મહાપૂજા કરાવતાં. પાર્લા મંડળના ચૈતન્ય માધ્યમ પૂ.સવિતાબેન અમીન અને પૂ.અરૂણાબેન સાથે આત્મીયતાથી જોડાયેલાં. તેથી અઠવાડિક સભામાં રસીલાબેનની હાજરી હોય જ. સવિતાબેનને પણ તેમનો વિશ્વાસ તેથી જરૂરિયાતે રસીલાબેનને બોલાવતાં. દેવીબેન કે બીજા

સ્વરૂપો મુંબઈ પધારે ત્યારે દર્શન, સમાગમનો લાભ લેતા. સમૈયા ઉત્સવમાં લાભ લેવા વિદ્યાનગર પણ આવતાં. મોટી ઉંમરે વિદ્યાનગર ન આવી શકતા તો સમૈયાના ઓન લાઈન દર્શન કરતાં. પોતે ભક્તિમય જીવન જીવ્યાં અને પુત્ર પૂ.નીખિલભાઈ, પૂ.રેખાબેન તથા પૌત્ર અને પૌત્રીને પણ ધાર્મિક સંસ્કાર આપ્યા. તેઓ પણ કુટુંબેસહિત ભક્તિમય જીવન જીવે છે.

તેમના આત્માને સ્વામિશ્રીજી પોતાના ચરણોમાં સ્થાન આપે તેવી ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દેવીબેન તથા સર્વે સ્વરૂપોને પ્રાર્થના.


**★ ઘાટકોપરના ભક્તરાજ પૂ.શશીકાંતભાઈ ઠક્કર તા.૨૪.૨.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**



પૂ.શશીકાંતભાઈ ઠક્કર ખૂબ જૂના સમર્પિત ગૃહસ્થ એકાંતિક. ઘણા સમયથી નાની મોટી બીમારીમાં પણ ભક્તિ અને સત્સંગપ્રધાન જીવન જીવીને ઘરના સૌને પૂ.ભાવિકભાઈ અને કુટુંબીજનો, પુત્રી પૂ.જૈમીની રાજુભાઈ શાહને સત્સંગનો વારસો આપીને અક્ષરધામ સિધાવ્યા છે. પૂ.કુસુમબેન નલીનકાંતભાઈ દવેની આધ્યાત્મિક દોરવણી પામીને, પ.પૂ.હંસાદીદીની આજ્ઞા અને અનુવૃત્તિ પ્રમાણે જીવન જીવ્યા.

છેલ્લે તેમની સુવર્ણ લગ્નજયંતી પર નાજુક તબિયત હોવા છતાંયે સહકુટુંબ પધાર્યા અને ગુણાતીત જ્યોતની સંત બહેનો, ભાઈઓ અને સંતોને કેરીનો રસ જમાડીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ખૂબ સૌમ્ય, પ્રેમાળ અને ધંધા વ્યવહારે કુશળ હતા. પપ્પાજી, દીદીને ભગવાનનું સ્વરૂપ માનીને કોઈનુંયે જોયા વિના સરળ રહી ગરજુ બની સેવા જ કર્યા કરતા હતા. પરમ એકાંતિક કમલાબેન તેમના ધર્મપત્ની તેઓ તો અખંડ ગુરુ અને ગુરુહરિની મૂર્તિમાં રહીને આવા પ્રસંગે પણ ખૂબ આત્મનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા રાખીને બળમાં રહ્યા છે. આજે આપણને સૌને અને તેમના કુટુંબીજનોને તેમની ખોટ જરૂર અનુભવાશે. તો આપણે સૌ સુહ્રદ પ્રાર્થના કરીને તેઓ સૌને આ વિરહ સહેવાનું બળ મળે તેવી ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દીદીજીના ચરણે પ્રાર્થના કરીએ.


**★ જૂનાગઢના પૂ.મનોજભાઈ ગોહિલ તા.૨.૩.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**



જૂનાગઢ મંડળના નિષ્ઠાવાન સત્સંગી પૂ.જયંતીભાઈ ગોહિલ સાહેબના દીકરા પૂ.મનોજભાઈ. તેઓ ૪૭ વર્ષની નાની ઉંમરે મ્હોંના કેન્સરની બીમારીમાં અક્ષરનિવાસી થયા. તેઓનું આખું કુટુંબ પ.પૂ.જ્યોતિબેનના યોગમાં છે. પ.પૂ.જ્યોતિબેનને પ્રધાન રાખીને જીવન જીવે છે. પૂ.કાંતિકાકાના સંબંધે બધા સત્સંગપરાયણ બન્યા ને સત્સંગની પ્રવૃત્તિઓ તેમ જ સભામાં ભાગ લેતાં. એવા મનોજભાઈને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ. તેઓના સર્વ કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી શ્રીજી મહારાજને, ગુરુહરિ પપ્પાજી મહારાજને, પ.પૂ.જ્યોતિબેનને પ્રાર્થના.

**★ ગુરુહરિ પપ્પાજી મહારાજના અત્યંત નિષ્ઠાવાન અને કૃપાપાત્ર પૂ.હર્ષદભાઈ ઠક્કર તા.૫.૩.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.હર્ષદભાઈના દાદા અને પ.પૂ.યોગીજી મહારાજ



મામા-ફોઈના ભાઈઓ થાય. આમ યોગીજી મહારાજના પૂર્વ સંબંધે આખું કુટુંબ દ્રઢ નિષ્ઠાવાળું થયું. પૂ.હર્ષદભાઈ ઠક્કરના પિતાશ્રી પૂ.ગોપાળજીભાઈ અને પૂ.ચંદનબેન તન્ના બંને સગા ભાઈ-બહેન થાય. આ સંબંધે પૂ.હર્ષદભાઈને ગુરુહરિ પપ્પાજી મહારાજનો જોગ થયો. ગોપાળજીભાઈ, હર્ષદભાઈ, હસમુખભાઈ તારદેવ સભામાં જતા. બોરીવલી રહેવા આવ્યા પછી પૂ.રમણીકભાઈ અદા અને પૂ.વિમળાબેનનો જોગ થયો ને સત્સંગનો રંગ ગાઢ થવા લાગ્યો. તેમની કોઈપણ આજ્ઞા સ્વીકારીને અહોહોભાવે સારધાર પાળતા. તેઓ ગુરુહરિ પપ્પાજી, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.સવિબેનને રાજી કરવા હંમેશા ઉત્સુક રહેતા. જેમ જેમ સત્સંગમાં વધુ ડૂબતા ગયા તેમ

તેમ તેમની આર્થિક પરિસ્થિતિ વધુ મજબૂત થતી ગઈ. પપ્પાજી મહારાજ હંમેશા હરિભક્તોને બહેનોની સેવા કરી લેવાનું કહેતા. પપ્પાજીના આ વચનને તેમણે જીવનમંત્ર બનાવ્યો. જ્યારે જ્યારે બહેનો મુંબઈ પધારે ત્યારે ડ્રાઈવીંગ તેમ જ બીજી ઘણી સેવાઓ કરી પુણ્ય ભેગું કર્યું. હંમેશા બહેનોને રાજી કરવાની અંતરમાં તાલાવેલી રહેતી. શું ના થાય આ મુક્તો કાજે ! એવી જ ભાવાનાથી હરિભક્તોની પણ મહિમાથી સેવા કરતા. તેમના ધર્મપત્ની પૂ.નીનાબેને એમાં ખૂબ સાથ આપ્યો. પોતાના સંતાનોને એ જ સંસ્કાર આપ્યા. તેમના પુત્રી પૂ.અદિતિબેન ગુણાતીત જ્યોતમાં અત્યારે ઉત્તમ સાધકની જેમ સાધના કરી રહ્યાં છે. હર્ષદભાઈના પુત્ર પૂ.અનીરભાઈ પુત્રવધુ પૂ.ધૃતિબેન અને પૌત્રી પૂ.આસ્થા પણ આવા જ ઉત્તમ સંસ્કારોથી બહેનોની સેવા અહોહોભાવે કરી રહ્યા છે. છેલ્લા શ્વાસ સુધી સેવા કરી લેવાની ભાવના તેમના હૈયે ધબકતી રહી. તેમના કુટુંબીજનોને તેમની વિદાયનો કારમો આઘાત જીરવવાનું ખૂબ બળ મળે તેવી ગુરુહરિ પપ્પાજી મહારાજ ના ચરણોમાં પ્રાર્થના.

## International Women's Day Celebration – Gunatit Jyot Foundation (UK)

On Sunday 8 March 2026, the Gunatit Jyot Foundation (UK) hosted its first-ever International Women's Day celebration, bringing together around 100 women from across the satsang community for a meaningful day of reflection, connection and inspiration.

The event was created with a clear intention: to bring together women of all generations, including younger members and those newer to the satsang, so they could better understand the profound karya of Guruhari Pappaji Maharaj in the spiritual empowerment of women and the founding of Gunatit Jyot.

The day began with a warm welcome, shlok, and a symbolic haar arpan ceremony offered to Guruhari Pappaji Maharaj. Participants were then introduced to the theme of the day, "Give to Gain," which reflects the values at the heart of the Gunatit samaj — that through selfless seva, humility, and surrender, spiritual growth naturally follows.

A particularly special moment was the blessings received from Pujya Shobhnaben, which helped set a deeply spiritual tone for the event and reminded participants of the continued guidance of the Gunatit swarupo.

A particularly powerful segment of the morning was a short documentary and presentation highlighting the life and achievements of Guruhari Pappaji Maharaj, reminding everyone of the courage and conviction behind the historic decision to establish Gunatit Jyot and create a path for women to pursue spiritual renunciation and inner realisation.

Participants then heard an insightful talk from P. Nehaben Shah, who shared her personal reflections on balancing satsang with everyday responsibilities — a theme that resonated deeply with many women navigating the demands of family, career, seva, and spiritual practice.

One of the most engaging parts of the day came through breakout group discussions, where women from different generations sat together to share experiences, reflect on their journeys, and learn from one another. These conversations created a powerful sense of connection across age groups and backgrounds, reinforcing the strength of the satsang community.

The afternoon continued with a heartfelt segment recognizing three inspiring women from within the community, whose lives reflect resilience, seva, faith, and quiet strength. Their stories served as a reminder that the true pillars of any community are often those who serve with humility and without expectation of recognition.

Throughout the day, speeches and discussions were delivered in both Gujarati and English, ensuring that everyone present could fully engage with the messages being shared.

What stood out most was the atmosphere

in the room. Participants remained fully engaged throughout the programme — listening attentively, sharing openly, and connecting with one another in a spirit of unity and respect. The feedback received afterwards was overwhelmingly positive, with many expressing how uplifting and empowering the experience had been.

As the event concluded with reflection, ashirvad, and aarti, participants left feeling inspired, grateful, and deeply blessed to be part of a satsang shaped by the vision and courage of Guruhari Pappaji Maharaj and the guiding presence of the Gunatit swarupo.

The celebration marked not only International Women's Day, but also a renewed appreciation of the extraordinary legacy that continues to strengthen this community today.

## International Women's Day Celebration – Gunatit Jyot Vidyanagar

The seminar was organized by Shree Gunatit Jyot Mahila Trust, Vallabh Vidyanagar, to mark International Women's Day, focusing on the theme is 'Give to Gain'. This campaign highlights how investing in women through mentorship, resources, and equal opportunity results in collective progress. It encourages actions like increasing visibility, providing education, and offering support to create a more equitable, thriving society.

**Topics for the Seminar :**

A) Our Role in Climate Change

B) Mobile - Punishment or Pleasure?

**A.Topic : Our Role in Climatic Change**

**Resource Person : Dr. Kajal Rao, Anand**

The programme was initiated by shlok, gardland to Guruhari Pappaji Maharaj & offered prayers to him. It was an absolute honor to welcome the speaker and was briefly introduced.

The speaker explained in detail on **'Our Role in Climatic Change'** covering the following points :

- Spirituality as our first shelter, faith, confidence
- Peaceful, pleasant mind-set without any complain
- Powerful positive thoughts
- Satisfaction
- Balance lifestyle
- Meditation as mental relaxation activity as routine
- Physical fitness activities for self and for family
- Regular health check up
- Satvik food
- Yog nidra
- Mind our business
- Possible powerful efforts in right direction
- Auto Suggestions
- Music
- Good Company
- Solution oriented thinking
- Be strong
- Be best
- Aim to make the God happy
- Be responsible
- Save Environment
- Enjoy life

**Key Takeaways and Recommendations :**

**Empowerment :** Providing women with equal access to resources, education, and decision-making platforms is vital to achieving global sustainability goals.

**Actionable Steps :** The audience was encouraged to adopt sustainable lifestyles, lead community initiatives, and advocate for gender-responsive climate policies.

**Networking :** The event created a platform for women to share experiences and build networks for future environmental action.

**Conclusion**

The seminar concluded with a powerful message that a sustainable and equal future is unattainable without achieving gender equality today. Women's leadership is not just a moral imperative but a practical necessity for tackling the climate crisis.

**B. Topic :** Mobile - Punishment or Pleasure ?

**Resource Person:Ms.Hinaben Jani, Nadiad**

The speaker proceeded with her talk after

warm welcome & her introduction.

**Mobile as a Pleasure : The Benefits**

The speaker highlighted how mobile phones have revolutionized communication and access to information.

**Constant Connectivity :** Instant contact with family and friends through calls, video, and social media.

**Educational Resource :** Access to online libraries, educational apps, and research materials at a student's fingertips.

**Safety & Emergencies :** Essential for quick access to emergency services and real-time location tracking.

**Modern Convenience :** Simplifies daily tasks through digital payments, navigation, and mobile banking.

**Mobile as a Punishment : The Drawbacks**

The discussion also addressed the 'punishing' aspects of excessive or improper use.

- **Social Isolation :** Ironically, hyper-connectivity can cause a "social disconnect," where users neglect face-to-face interactions for virtual ones.
- **Financial Loss :** Direct theft of money through banking apps and unauthorized transactions.
- **Identity Theft :** Stealing personal data, passwords, and credit card numbers.
- **Data Theft :** Unauthorized access to personal files, photos, and messages

**Key Takeaways**

The speaker concluded that mobile phones are neither inherently good nor bad; their impact depends entirely on the user's discipline.

- **Balance is Key :** Setting screen time limits and prioritizing real-world engagement helps mitigate negative effects.
- **Responsible Usage :** Parents and educators must encourage healthy habits, such as "no-phone zones" during meals or before bed.

**Conclusion**

While the mobile phone is an indispensable 'pleasure' for modern living, it becomes a 'punishment' when used without moderation. The goal should be to harness its power as a tool without allowing it to dominate one's physical or mental well-being.

On behalf of the trust, Dr.Neelamben Shah extended a hearty vote of thanks to our chief guests, Dr.Kajal Rao and Ms.Hinaben Jani who spared time from their busiest schedule to grace the occasion. We had an opportunity to hear their thoughts, and this will surely be going to encourage us in our future events. Their thoughts have enlightened our minds and have shown us a new path.

The programme was well received and commended as very useful. 180 participants took benefit of this programme. Our trust was thankful to all participants for their active engagement and for making this event a grand success.


**Statement about ownership and other particulars about newspaper.**


GUNATIT JYOT
(Form IV. Rule 8)

| | |
|---|---|
| 1. Place of Publication : | Gunatit Jyot, P.O.Box No.23 V.V.Nagar - 388120, Gujarat. |
| 2. Periodicity of Publication : | Monthly |
| 3. Printer's Name : | Angatbhai J. Shah |
| Nationality : | Indian |
| Address : | Gujarat Press Anand - 388001, Gujarat |
| 4. Publisher's Name : | Hemaben D. Bhatt |
| Nationality : | Indian |
| Address : | Gunatit Jyot, P.O.Box No.23 V.V.Nagar - 388120, Gujarat. |
| 5. Editor's Name : | Hemaben D. Bhatt |
| Nationality : | Indian |
| Address : | As above |
| 6. Names and address of individuals who own the newspaper and partners for shareholders holding more than one percent of total capital : | It has no partner, no capital and no shareholders. It belongs to Hemaben D. Bhatt, Gunatit Jyot, V.V.Nagar (388120). |

I Kum. Hemaben D. Bhatt, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 21st March, 2026 Hemaben D. Bhatt
Signature of Publisher

## તા.૧.૩.૨૦૨૬ : પ.પૂ.નરસિંહ ફુવાના શતાબ્દી ઉત્સવની ઉજવણી...











સ્વાગતભાવ અને પુષ્પ વંદના...



















ભાવાર્પણ...




























મહિમા વંદના...



To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120








International Women's Day celebration - Gunatit Jyot Vallabh Vidyanagar









International Women's Day celebration- Gunatit Jyot U.K.







Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India